HANDBOOK ON LEGAL AND ADMINISTRATIVE REMEDIES FOR COMMUNITY LEVEL ENVIRONMENT JUSTICE PRACTITIONERS

સામુદાયિક સ્તરે પર્યાવરણીય ન્યાય નિષ્ણાતો માટે કાયદાકીય અને વહીવટી ઉપાય માટેની માર્ગદર્શિકા

Version 2

About Centre for Policy Research

The Centre for Policy Research (CPR) has been one of India's leading public policy think tanks since 1973. The Centre is a nonprofit, independent institution dedicated to conducting research that contributes to a more robust public discourse about the structures and processes that shape life in India.
www.cprindia.org

About Namati

In a world where billions live outside the protection of the law, Namati is dedicated to putting the law in people's hands. It is building a global movement of grassroots legal advocates who work with communities to advance justice. These advocates are fighting on the front lines to ensure that people can protect their land, access essential services, and take part in the decisions that govern their lives.
www.namati.org

Contact Information:

CPR- Namati Environmental Justice Program
Centre for Policy Research
Dharma Marg, Chanakyapuri
New Delhi-110021

Citation:

Centre for Policy Research and Namati. 2017. Handbook on Legal and Administrative Remedies for Community Level Environment Justice Practitioners. CPR-Namati Environmental Justice Program, New Delhi

Disclaimer:

There is no copyright on this publication.

You are free to share, translate and distribute this material. We request that the source be acknowledged and that a copy/link of your reprint, report or translation be sent to CPR-Namati Environmental Justice Program.

Gujarati translation : Anuradha Gharti
Proofreading (Gujarati) : Bharat Patel
Design : Yashwant Rawat
Print : PRINTFORCE

સેન્ટ્રર ફોર પોલીસી રિસર્ચ

સેન્ટ્રર ફોર પોલીસી રિસર્ચ (સી.પી.આર) જે ભારતમા વર્ષ ૧૯૭૩થી કાર્યરત છે. જે સાર્વજનિક નીતીઓ ના વિષય પર કાર્ય કરતા પ્રબુદ્ધ નિષ્ણાંતો નો સમુહ રહયો છે. આ એક બિન નફાકારક સ્વતંત્ર સંસ્થા છે, જે ભારતમા લોકોના જીવન ને પ્રભાવિત કરવા વાળા માળખા અને પ્રક્રિયાઓ પર સાર્વજનિક ચર્ચાઓમાં યોગદાન કરવા માટે સર્મપિત છે.
www.cprindia.org

નમતી વિષે

એક એવા વિશ્વમાં જયા કરોડો લોકોને કાનુની રક્ષણ ઉપલબ્ધ નથી, તે લાકોના હાથમાં કાનુનનુ જ્ઞાન સોપવા માટે નમતી સર્મપિત છે. જમીનના સ્તરે કામ કરવાવાળા કાનુનના પેરવીકારોનુ વૈશ્વીક આંદોલન તૈયાર કરવાનુ કામ કરે છે, જે સ્થાનિય લોકો સાથે હાથ મીલાવી ન્યાય મેળવવા કામ કરે છે. આ પેરવીકારો આગળ વધીને સંઘર્ષ કરે છે, જેથી સ્થાનીક લોકો તેમની જમીન બચાવી શકે, જરૂરી સેવાઓ સુધી પહોચી શકે અને એવા નિર્ણયોમાં ભાગીદાર બની શકે જે તેમના જીવનને પ્રભાવિત કરે છે.
www.namati.org

સંપર્ક:

સી.પી.આર-નમતી પર્યાવરણીય ન્યાય કાર્યક્રમ,
સેન્ટ્રર ફોર પોલીસી રિસર્ચ,
ધર્મ માર્ગ, ચાણક્ય પુરી,
નવી દિલ્હી-૧૧૦૦૨૧

ઉદ્ગારણ:

સેન્ટ્રર ફોર પોલીસી રિસર્ચ અને નમતી / ૨૦૧૭ / સામુદાયિક પર્યાવરણીય ન્યાય કાર્યકર્તાઓ દ્વારા કાનુની અને પ્રશાસનિક સમાધાન ની હેન્ડબુક / સી.પી.આર-નમતી પર્યાવરણીય ન્યાય કાર્યક્રમ- નવી દિલ્હી

અસ્વીકરણ:

આ પ્રકાશન પર કોઈ કોપીરાઈટ નથી.

તમે આ સામગ્રીનો અનુવાદ કરી તેનુ લોકોની સાથે વિતરણ કરી શકો છો. અમારો અનુરોધ છે કે તમે જો આને પુનઃપ્રકાશિત કરો અથવા અનુવાદ કરો છો તો આ પ્રકાશન નો આભાર માનતો પત્ર અને પ્રતિ ની નકલ સી.પી.આર-નમતી પર્યાવરણીય ન્યાય કાર્યક્રમ ને જરૂર મોકલાવશો.

ગુજરાતી અનુવાદ : અનુરાધા ગત્રી
પ્રુફરીડીંગ (ગુજરાતી): ભરત પટેલ
ડિઝાઈન: યશવંત રાવત
પ્રિન્ટ: પ્રિન્ટફોર્સ

HANDBOOK ON LEGAL AND ADMINISTRATIVE REMEDIES FOR COMMUNITY LEVEL ENVIRONMENT JUSTICE PRACTITIONERS

સામુદાયિક સ્તરે પર્યાવરણીય ન્યાય નિષ્ણાતો માટે કાયદાકીય અને વહીવટી ઉપાય માટેની માર્ગદર્શિકા

Version 2

Centre for Policy Research (CPR)
Namati Environmental Justice Program

સેન્ટર ફોર પોલીસી રીસર્ચ (સી.પી.આર.)
નમતી એન્વાયર્મેન્ટ જસ્ટીસ પ્રોગ્રામ

September 2017
India

સપ્ટેમ્બર ૨૦૧૭
ભારત

CONTENTS / વિષયુ વસ્તુ

LIST OF ABBREVIATIONS 3

BACKGROUND AND CONTEXT 4

પૃષ્ઠભૂમિ અને સંદર્ભ 5

SECTION 1: PROBLEM STATEMENT AND LEGAL REMEDY 8

ભાગ ૧ : સમસ્યા વર્ણન અને કાયદાકીય ઉપાય 9

SECTION 2: LAWS AND LEGAL CLAUSES 86

Annexure 1 : BUILDING EVIDENCE FOR ENVIRONMENT JUSTICE (EJ) CASES 130

પરીશિષ્ટ ૧: પર્યાવરણીય ન્યાયના કેસો માટે પુરાવા ઉભા કરવા 131

Annexure 2: THE INDIAN LEGAL SYSTEM 134

પરીશિષ્ટ ૨: ભારતીય ન્યાય તંત્ર 135

Annexure 3: GROUNDTRUTHING- A NOTE ON METHODOLOGY 140

પરીશિષ્ટ ૩: પ્રત્યક્ષ ખરાઈની પદ્ધતિ - ટુક નોંધ 141

Annexure 4: INSTITUTIONAL MAPPING 148

પરીશિષ્ટ ૪: સંસ્થાકીય માળખુ 149

LIST OF ABBREVIATIONS

CEPI	Comprehensive Environmental Pollution Index
CGWA	Central Ground Water Authority
CGWB	Central Ground Water Board
CPCB	Central Pollution Control Board
CPR	Centre for Policy Research
CRZ	Coastal Regulation Zone
CVCA	Critically Vulnerable Coastal Area
CZMA	Coastal Zone Management Authority
DLCC	District Level Coastal Committee
EC	Environmental Clearance
EIA	Environment Impact Assessment
EPA	Environment Protection Act
ES	Environment Statement
ESA	Ecologically Sensitive Area
FCA	Forest Conservation Act
FRA	Forests Rights Act
IPC	Indian Penal Code
KSPCB	Karnataka State Pollution Control Board
MoEF	Ministry of Environment & Forests
MoEFCC	Ministry of Environment, Forests & Climate Change
NBWL	National Board for Wildlife
NGT	National Green Tribunal
NOC	No Objection Certificate
OE	Over-exploited
PESA	Panchayat (Extension in Scheduled Areas) Act
RTI	Right to Information
SBWL	State Board for Wildlife
SC	Supreme Court
SEIAA	State Environment Impact Assessment Authority
SPCB	State Pollution Control Board
SWGB	State Ground Water Board
TSDF	Transport, Storage and Disposal Facility
ULB	Urban Local Body
UT	Union Territory
WLPA	Wildlife Protection Act

BACKGROUND AND CONTEXT

A problem can occur, no matter where we live, pass by everyday or cross occasionally. One could be living next to an industrial site which is polluting the nearby river, a power plant which is dumping fly ash on an agricultural field or a beach where the municipality is dumping the town's solid waste. A friend or a fellow resident of one's village might point us to an instance of river bed sand mining causing flooding or a tourist resort blocking access to a drinking water source and a grazing ground. Even if none of these problems are near where you live, your everyday access road could be the main route transporting coal, bauxite, iron ore or any other mineral, which would still make living conditions difficult.

Each such activity is more often than not, governed by a law. This could be both for prior approval and post approval compliance, based on specific safeguards or conditions. Safeguards or conditions are not just limited to environmental approvals, but can exist in lease documents or land transfer agreements. There could also be a court judgment or order which is generic in nature and has a bearing, no matter where you are located in the country, on particular issues like permissions for sand mining, tree felling or change of land use of common lands. It is possible that problems you notice or are directly affected by are occurring because someone, somewhere is not adhering to provisions of legal directions, be it by way of laws or court directions. If this is the case, there is likely to be a clear institutional framework and defined administrative agencies who would be mandated to restrict this activity, monitor non-compliance, as well as take action to remedy the situation and issue penalties. There could also be instances where an impact is not the result of a legal violation, but it may still be causing a hindrance to everyday living and affecting access to clean air or water. In such cases, there is also a possibility of invoking the authority of an administrative official to intervene and resolve the matter.

However, people affected by a problem are often not aware that it is because of non-compliance with the law or that there is an institutional remedy available for the same. Maybe, if the mandatory requirements had been adhered to, the problem might not have occurred in the first place. This is not a surety but a distinct possibility. Understanding whether the difficulty one is facing is due to legal or illegal actions can be one way of attempting to find a resolution. It does not require one to qualify as a lawyer, know how to draft court petitions or be fluent in legalese. Basic knowledge of applicable legal clauses and which institution would be best suited to approach for remedy, can be important allies in trying to solve real time problems with people dealing with a range of environmental and social impacts discussed further in this handbook.

પૃષ્ઠભૂમિ અને સંદર્ભ

આપણે ક્યાંક પણ રહેતા હોઇએ, રોજનો રસ્તો હોય કે પ્રાસંગિક પસાર થતો હોય, સમસ્યા ક્યારેક પણ ઉદ્‌ભવી શકે છે. વ્યક્તિ, ઔદ્યોગિક પરિસરની બાજુમાં રહેતો હોય જે પાસેની નદીને પ્રદૂષિત કરતું હોય, પાવર પ્લાન્ટની બાજુમાં રહેતો હોય કે જે ખેતીની જમીન પર કોલસાની રાખ ઠાલવતું હોય અથવા દરિયા કિનારે કે જ્યાં મુન્સીપાલટી નગરનો ઘન કચરો ઠાલવતું હોય. આપણા મિત્ર કે ગામના વ્યક્તિ દ્વારા નદીના પટમાં થતી રેતીની તસ્કરીના પરિણામસ્વરૂપે આવતા પૂર અથવા તો ટુરિસ્ટ રિસોર્ટ દ્વારા પાણીના પ્રવાહ અને ગૌચરને અવરોધવાના કિસ્સાઓ જાણવા મળતા જ હોય છે. જો આમાંના કોઈ પણ પ્રશ્નો તમે રહો છે એ વિસ્તારમાં નથી જોવા મળતા તેમ છતાં, તમારા રોજના રસ્તા ઉપરથી કોલસો, બોક્સાઈડ, લોખંડ અથવા અન્ય ખનીજની હેરફેર થતી હશે કે જે સામાન્ય જીવનમાં અગવડો ઉભી કરે જ છે.

આવી દરેક પ્રવૃત્તિ હંમેશા નહી પરતું મહદઅંશે કાયદાના ઓઠા હેઠળ કરવામાં આવે છે. આ બંને રીતે હોઇ શકે છે પૂર્વ મંજુરી મેળવવા માટે અથવા મંજુરી મેળવ્યા બાદ, ખાસ સાવધાની અથવા શરતો આધારિત. આવી શરતો માત્ર પર્યાવરણીય મંજુરી પૂરતી જ સીમિત નથી હોતી પરંતુ પટા-કરાર, અથવા જમીન હસ્તાંતરણ કરારમાં પણ જોવા મળે છે. તમે દેશમાં ક્યાંક પણ રહેતા હોવ, કોઈ કોર્ટ ચુકાદો કે હુકમ એવો પણ હોઇ શકે છે કે જે સર્વસામાન્ય હોય અને અમુક ખાસ સંજોગોને લાગુ થતો હોય ઉદાહરણ રૂપે રેતી ઉત્તખનન અથવા ઝાડ કાપવા માટેની મંજુરી, જાહેર જમીનના વપરાશમાં ફેરબદલ. એ શક્ય છે કે સમસ્યાઓ જે તમે જુઓ છો અથવા તો તમને અસર કરે છે એ એટલા માટે ઉદ્‌ભવે છે કે ક્યાંક કોઈ કાયદો, કાયદાકીય અથવા કોર્ટના નિર્દેશોનું પાલન નથી કરી રહ્યું. જો આ હકીકત હોય તો નક્કી કોઈ સંસ્થાકીય માળખું અને સુનિશ્ચિત વહીવટી એજન્સીને આવી પ્રવૃત્તિને રોકવાની, ઉલ્લંઘન ન થાયની તકેદારી રાખવાની અને પરિસ્થિતિનું ઉકેલ લાવી અને દંડ કરવાની જવાબદારી અપાઈ જ હશે. એવા કિસ્સાઓ બની શકે કે જ્યાં કાયદાકીય ઉલ્લંઘન ન થતું હોય પણ રોજીંદા જીવનને અસર થતી હોય અને સ્વચ્છ પાણી અથવા હવા અવરોધાતી હોય. આવા કિસ્સાઓમાં, વહીવટી અધિકારીની સત્તાની મદદ લઈ સમસ્યાનો નિકાલ મેળવી શકાય.

તેમ છતાં, ઘણી વખત અસરગ્રસ્ત લોકોને એ વાતની જાણ નથી હોતી કે સમસ્યા કાયદાના ઉલ્લંઘનના કારણે ઉદ્‌ભવે છે અથવા તેના નિરાકરણ માટે સંસ્થાકીય ઉકેલ ઉપલબ્ધ છે. બની શકે કે જો ફરજિયાત નિર્દેશોનું અમલીકરણ થયું હોત તો સમસ્યા ઉદ્‌ભવી જ ન હોત. આવું ચોક્કસ રીતે નથી કહી શકાતું પરતું તે એક શક્યતા છે. વ્યક્તિ દ્વારા ભોગવાતી સમસ્યા કાયદાકીય છે કે ગેરકાયદેસરની એ સમજ મેળવવી, નિરાકરણ શોધવાનો એક રસ્તો હોય શકે. તે માટે વકીલ હોવું, કે ફરિયાદ લખતા આવડવું કે કાયદાકીય ભાષા આવડવી જરૂરી નથી. લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અને કઈ સંસ્થા સમસ્યાના ઉકેલ માટે યોગ્ય રહેશે તેની સામાન્ય સમજ, માર્ગદર્શિકામાં આગળ ચર્ચા કરાયેલ પર્યાવરણીય અને સામાજિક અસરો સાથે નિસ્બત ધરાવતા લોકો માટે ઉપયોગી થઇ રહે છે.

One of the most critical components of such problem-solving with law (both in court and outside) is the requirement of evidence or proof. Once the problem is identified and defined and the affected party clarifies what remedy is being sought, community level legal practitioners would along with them need to prepare robust evidence to back the claims. For instance, if it were ascertained that a construction activity is being carried out in contravention to the provisions of any law, it would be important to gather specific evidence before filing a complaint or approaching a relevant institution. A range of documents can be included as proof of illegality, which includes government documents, responses to Right to Information (RTI), photographs, maps and complaint letters. One could also check if the information disclosed by the project proponent at the time of project appraisal was complete and true. Records of public hearing could also be checked to find out if they reflect the mentioned concerns.

This handbook is an attempt to present scenarios where community level environmental justice practitioners can apply and use law to work with affected communities and seek desired remedies through an administrative route. Each scenario presents a problem type, what the complaints could be and then goes on to suggest some legal clauses through which a remedy can be pursued. It draws from several cases currently being pursued by enviro legal coordinators associated with the Centre for Policy Research (CPR)-Namati Environmental Justice Program. It also draws from the resolutions being pursued by implementing partners like Janabhivyakti (Chhattisgarh) and Keonjhar Integrated Rural Development and Training Institute (KIRDTI) (Odisha).

There are two clear caveats while using this handbook:

- First, the legal clauses listed with the problem, are indicative in nature and do not claim to be exhaustive. This implies that it is advisable that practitioners using this handbook look out for additional legal remedies for the problem in hand, which may not be listed here.
- Second, we encourage practitioners to as far as possible share the legal knowledge with affected communities and try to jointly work towards seeking institutional response. This will encourage collective learning and help achieve legal empowerment through practice.

The handbook does not specifically list judicial and court related processes of any of these problems. In case the problem does not get resolved through the administrative route, affected people and community practitioners have the option of accessing avenues such as the National Green Tribunal (NGT) and courts. For this, the assistance of a lawyer is likely to be required. In such instances, the evidence collected, complaints filed and other documentation could form an important basis and support for any legal intervention.

કાયદા (કોર્ટ અને કોર્ટની બાહર) દ્વારા આવી સમસ્યાઓના નિરાકરણ સમયે સહુથી અગત્યની બાબત છે પૂરાવાઓ અથવા સબૂત. એક વાર સમસ્યાની ઓળખ થઇ ગઈ હોય અને તેને નિશ્ચિત કરી અસરગ્રસ્ત પક્ષકાર ચોખવટ કરે કે નિરાકરણ તરીકે પ્રયત્નો થઇ રહ્યા છે, તો સામુદાયિક સ્તરના કાયદા નિષ્ણાતે તેમની સાથે મળી તેઓના દાવાને પૂરવાર કરવા મજબુત પૂરાવાઓ તૈયાર કરવાના રહેશે. દાખલા તરીકે, જો ખબર પડે કે બાંધકામની પ્રવૃત્તિ કોઈ ખાસ કાયદાના નિયમોના પાલન વગર કરવામાં આવી રહી છે, તો ફરિયાદ દાખલ કરતા પહેલા અથવા સંબંધિત સંસ્થાનો સંપર્ક કરતા પહેલા ખાસ પૂરાવાઓ ભેગા કરવાના રહેશે. ગેરકાયદેસર પ્રવૃત્તિને પૂરવાર કરવા ઘણા દસ્તાવેજો ઉપયોગી થઇ રહેશે જેવા કે સરકારી દસ્તાવેજો, આર. ટી.આઈ. હેઠળના જવાબો, ફોટોગ્રાફ્સ, નકશાઓ અને અગાઉની ફરિયાદો. એ વાતની પણ તપાસ કરી શકાય કે પ્રોજેક્ટ મૂલ્યાંકન સમયે પ્રોજેક્ટના હિમાયતી દ્વારા જાહેર કરાયેલ માહિતી પૂર્ણ અને સાચી છે કે નહી. પ્રસ્તુત પ્રશ્નો વિશેની માહિતી મેળવવા જાહેર સુનાવણીને લગતા રેકોર્ડ પણ તપાસી શકાય.

આ માર્ગદર્શિકામાં એવા સંજોગોને પ્રસ્તુત કરવાનો પ્રયત્ન છે કે જ્યાં સામુદાયિક સ્તરે પર્યાવરણીય ન્યાયના નિષ્ણાતો અસરગ્રસ્ત સમુદાયો સાથે કામ કરતી વખતે વહીવટી રસ્તો આપનાવી ઈચ્છિત પરિણામ મેળવવા કાયદાનો ઉપયોગ કરી શકે. દરેક સંજોગ એક સમસ્યાનો પ્રકાર દશાવિ છે કે, કેવી ફરિયાદ હોઈ શકે અને તેના માટેની કાયદાકીય જોગવાઈઓ કે જેના થકી નિરાકરણ મેળવી શકાય. આ સંજોગોના ઉદાહરણ સેન્ટર ફોર પોલીસી રીસર્ચ (સી.પી.આર) – નમતી એન્વાયર્મેન્ટ જસ્ટીસ પ્રોગ્રામ સાથે સંકળાયેલ એન્વાયરો-લીગલ કોઓર્ડીનેટર દ્વારા હાલમાં જ હાથ ધરાયેલ કિસ્સાઓમાંથી જ લેવાયેલ છે. તે જનઅભિવ્યક્તિ (છત્તીસગઢ) અને કીર્તદી (ઓડીસા) જેવા અમલીકરણ ભાગીદાર દ્વારા આગ્રહિત ઠરાવોમાંથી પણ ઉદાહરણ લે છે.

આ માર્ગદર્શિકાના ઉપયોગ સમયે બે બાબતો ધ્યાને રાખવાની છે:

- પહેલું, પ્રશ્નો સાથે દર્શાવાયેલ કાયદાકીય જોગવાઈઓ સૂચનાત્મક છે, અને વિસ્તૃત હોવાનો દાવો નથી કરતી. એનો અર્થ એવો છે કે નિષ્ણાત કે જે આ માર્ગદર્શિકાનો ઉપયોગ કરી રહ્યા હોય એ હાથ ધરાયેલ પ્રશ્નના નિકાલ માટે અન્ય કાયદાકીય ઉપાયનો પણ વિચાર કરવો કે જેનો અહિંયા ઉલ્લેખ ન કરાયો હોય.
- બીજું, અમે નિષ્ણાતોને સમુદાય સાથે બને તેટલું કાયદાકીય જ્ઞાનની આપલે કરવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ જેથી સમુદાય સાથે મળી માળખાગત પ્રત્યુત્તર મેળવી શકાય.

આ માર્ગદર્શિકામાં દર્શાવાયેલ પ્રશ્નો માટે નિશ્ચિત કાયદાકીય અને કોર્ટ સંબંધિત પ્રક્રિયાઓ સૂચિત નથી કરવામાં આવી. એવા કિસ્સામાં કે જ્યાં પ્રશ્નનું નિરાકરણ વહીવટી રાહે ન આવતો હોય અસીલ અને સમુદાય નિષ્ણાતો નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (એન.જી.ટી.) અને કોર્ટનો માર્ગ લઈ શકે છે. આ માટે વકીલની જરૂર રહેશે. આવા કિસ્સાઓમાં, એકત્રિત કરાયેલ પૂરાવાઓ, દાખલ કરાયેલ ફરિયાદો અને અન્ય દસ્તાવેજો કાયદાકીય હસ્તક્ષેપ માટે મહત્વપૂર્ણ આધાર બની રહેશે.

SECTION I

PROBLEM STATEMENT AND LEGAL REMEDY

[Note: An index of specific sections included in the scenarios below is available in Section II of this Handbook.]

SCENARIO 1

What is the complaint?

A group of people has approached a community worker to say that a mine near their village is pumping out water from a stream to use within a factory's premises. They do not know what the nature of the use within the premises is or whether or not the owners have permission to do this. For the last eight months or so, they have seen a pipeline constructed to draw this water. Since the same stream irrigates the rice fields in the area, they are worried that the water in the stream will get depleted and will not be available for cultivation. They say that they have already noticed some signs of the water flow being reduced, despite good rains in the current year.

Is a law being violated?

Mining, power generation or industrial operations require specific permissions to draw both surface as well as ground water. In the present case, since the water is being drawn from a stream, it will attract the legal provisions related to surface water. Each state may also have its own defined limits for drawing water for agriculture, domestic or industrial purposes, which would be important to ascertain.

Law	Corresponding Institutions/ Officials	Section/Clause
Permissions, Rights and Consents related laws		
1. Environment Impact Assessment (EIA) Notification, 2006: Check whether the activity has obtained the environmental clearance. If yes, check if there is a violation of a specific condition of the environmental clearance letter.	1. State Environment Impact Assessment Authority (SEIAA) (if Category B project) 2. Ministry of Environment, Forest and Climate Change (MoEFCC) (if Category A project)	Section 2 Environmental clearance letters mention the amount of water required by the industry and the source. They would have a specific condition related to drawing of water and deterioration of water sources. They would also have a reference to the agency from whom permissions needs to be taken.

કલમ ૧

સમસ્યાનું વર્ણન અને કાયદાકીય ઉપાય

[નોંધ: નીચે દર્શાવાયેલ પરીપ્રેક્ષ્યમાં ઉલ્લેખ કરાયેલ ખાસ કલમો અને પેટા-કલમોની સૂચી આ માર્ગદર્શિકા ના ભાગ બે માં આપવામાં આવેલ છે.]

સ્થીતી ૧

ફરિયાદ શું છે?

લોકોનો સમૂહ સામુદાયિક કાર્યકરને મળીને જણાવે છે કે ગામ પાસે આવેલી ખાણ નદીપ્રવાહમાંથી પોતાના કારખાના માટે પાણી ઉપયોગમાં લે છે. તેઓને ખબર નથી કે આ પાણીનો ઉપયોગ કયા કામ માટે થઈ રહ્યો છે અને શું કારખાના પાસે આ પાણીના ઉપયોગ માટેની પરવાનગી છે કે કેમ. તેઓએ પાછલા આઠ મહીનાથી આ પાણીને કારખાના સુધી લઈ જવા માટેની પાઈપલાઈન નાખેલી જોઈ છે. આ નદીનું પાણી પાસેના ડાંગરના ખેતરોને પાણી પુરું પાડે છે અને તેઓને ચિંતા છે કે નદીનું પાણી ઓછું થઇ જશે અને ખેતી માટે નહી મળી રહે. તેઓ કહે છે કે આ વર્ષે સારો વરસાદ થયો હોવા છતાં પાણીનો પ્રવાહ ઓછો થઇ ગયો છે.

શું કાયદાનો ઉલ્લંઘન થાય છે?

ખાણ, ઉર્જા ઉદ્પાદન અથવા ઔદ્યોગિક પ્રક્રિયાઓ માટે સપાટી ઉપરનું અથવા ભૂજળના ઉપયોગ માટે ખાસ પરવાનગી લેવાની હોય છે.આ કિસ્સામાં પાણી નદીમાંથી લેવાઇ રહ્યું છે માટે સપાટી ઉપરના પાણીના ઉપયોગને લગતા કાયદાકીય નિયમો લાગુ પડશે. દરેક રાજ્યમાં પાણીના ખેતી, ઘરેલું અને ઔદ્યોગિક ઉપયોગ માટે ખાસ સીમાઓ નક્કી કરાયેલ હોઈ શકે જે માહિતી મેળવવી અગત્યની છે.

કાયદો	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
પરવાનગી, અધિકારો અને સંમતી સંબંધી કાયદાઓ		
૧. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬ (EIA): તપાસ કરો કે પ્રવૃત્તિ માટે પર્યાવરણ સંબંધી પરવાનગી મેળવી છે. જો હા, તપાસ કરો કે શું પર્યાવરણ સંબંધી પરવાનગીમાં દર્શાવાયેલ કોઈ ખાસ જોગવાઈનું ઉલ્લંઘન થઇ રહ્યું છે.	૧. સ્ટેટ એનવાયરમેન્ટ એસેસમેન્ટ ઓથોરીટી (SEAC) (વર્ગ બી પ્રોજેક્ટ) ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) (વર્ગ એ પ્રોજેક્ટ)	કલમ ૨ : પર્યાવરણીય પરવાનગી પત્રોમાં ઉદ્યોગો માટે જરૂરી પાણીની માત્રા અને તેનો પ્રવાહ જણાવવામાં આવે છે. તેમાં પાણીના સિંચન અને પ્રવાહને થતી અસર બાબતે ખાસ શરતો જણાવાઈ હશે. તેમાં કઈ એજન્સી અથવા સંસ્થા પાસેથી આવી પરવાનગી મેળવવીનો પણ ઉલ્લેખ હશે.

2. Water (Prevention and Control of Pollution) Act, 1974: (under which consent to operate is sought, for which the project has to disclose the sources of water)	State Pollution Control Board (SPCB) or its nearest regional office	Section 26 (in case the company has not complied with conditions of the consent to operate) Section 33A whereby in case of any violation, the SPCB can give directions for closure or stopping water or electricity supply. Conditions of the consent to operate where specifics of the water source would be mentioned
Site specific laws		
3. Ecologically Sensitive Areas (ESAs), Critically Vulnerable Coastal Areas (CVCA), Critically Polluted Area, etc.: Check whether any special orders, notifications or guidelines have been issued to restrict the drawing of water in a notification for an ESA, CVCA, Critically Polluted Area, etc.	1. MoEFCC 2. ESA Management Committee 3. State Coastal Zone Management Authority (SCZMA) 4. Pollution Control Board (PCB)	1. Section 3 (2) (v) of the Environment (Protection) Act (EPA), 1986 2. Section 4 of the Coastal Regulation Zone (CRZ) Notification, 2011 3. Section 19 of the Air Act, 1981 or the Water Act, 1974
State specific Laws (example)		
4. Odisha Pani Panchayat Act, 2002: Check if the Panchayat has used its powers to imprison and/or levy a fine in case of any unlawful damage to the irrigation system		Section 23

RELATED CONDITIONS IN AN ENVIRONMENTAL CLEARANCE LETTER OF A COAL MINE

- The project proponent shall obtain necessary prior permission of the competent authorities for drawl of the requisite quantity of surface water.
- Necessary prior clearance from the Central Ground Water Authority (CGWA) shall be obtained for working below the water level and for pumping of ground water.
- Rainwater harvesting and also other measures for conservation of water and augmentation of ground water resources shall be taken in consultation with the State Ground Water Board (SGWB).
- The project authority shall implement suitable conservation measures to augment ground water resources in the area in consultation with the Regional Director, Central Ground Water Board (CGWB).

૨. એર (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એક્ટ ૧૯૭૪: સુધારા (જેમાં સંચાલન માટે પરવાનગી લેવાની હોય છે, અને પ્રોજેક્ટ હેઠળ પાણીનો પ્રવાહ જણાવવાનો હોય છે.	રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અથવા તેની નજીકનું પ્રાદેશિક કાર્યાલય	કલમ ૨૬ (એવા કિસ્સામાં કે જ્યાં કમ્પનીએ સંચાલન માટેની પરવાનગીમાં દર્શાવાયેલ શરતોનું પાલન નથી કર્યું. કલમ ૩૩ એ ઉલ્લંઘનના કિસ્સામાં રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાણી અને વીજળી પૂરવઠો બંધ કરવાના નિર્દેશ આપી શકે છે. સંચાલન માટેની પરવાનગી કે જ્યાં પાણીના પ્રવાહનો ઉલ્લેખ બાબતની જોગવાઈ હોય.
સ્થળને લગતા ખાસ કાયદાઓ		
૩. ઇ.એસ.એ., સી.વી.સી.એ, સી.ઈ.પી.આઈ: ઇ.એસ.એ., સી.વી.સી.એ અને ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તારના સંદર્ભમાં જાહેરનામામાં પાણીના સિંચનને લગતા કોઈ ખાસ હુકમ, જાહેરનામું અથવા નિર્દેશ અપાયા હોય	૧. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવેંતન મંત્રાલય (MoEFCC) ૨. પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર વ્યવસ્થાપન કમિટી ૩. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	૧. પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૩ (૨) ૫ ૨. સી.આર.ઝેડ નોટીફીકેશન, ૨૦૧૧ કલમ ૪ ૩. એર એક્ટ,૧૯૮૧ અથવા વોટર એક્ટ, ૧૯૭૪
રાજ્ય સંબંધી ખાસ કાયદાઓ		
૪. ઓડીસા પાણી પંચાયત અધિનિયમ, ૨૦૦૨: સીંચાઈ વ્યવસ્થા અથવા પાણીને કરાયેલ નુકસાનની બાબતમાં પંચાયત દંડ વસુલી શકે.		કલમ ૨૩

પર્યાવરણ પરવાનગી પત્રમાં કોલસાની ખાણ સંબંધી શરતો

- પ્રોજેક્ટના સમર્થકે જરૂર પ્રમાણે સપાટી ઉપરના પાણીના સિંચન માટે યોગ્ય સત્તાધિકારી પાસેથી પરવાનગી મેળવી લેવી.
- પાણીની સપાટીથી નીચે કામ કરવા માટે અને ભૂજળને પમ્પ વડે કાઢવા માટે કેન્દ્રીય ભૂજળ સત્તાધિકારી પાસેથી પૂર્વપરવાનગી મેળવી લેવી.
- વરસાદના પાણીનું સિંચન પણ પાણી સંરક્ષણ માટેનું યોગ્ય પગલું છે અને રાજ્ય ભૂજળ બોર્ડ/ કેન્દ્રીય ભૂજળ સત્તાધિકારી સાથે વિમર્શ કરી ભૂજળ સંસાધનમાં વૃદ્ધિ માટેના પગલા હાથ ધરી શકાય.
- પ્રોજેક્ટ સત્તાધિકારી પ્રાદેશિક નિર્દેશક, કેન્દ્રીય ભૂજળ બોર્ડ સાથે વિમર્શ કરી ભૂજળ સંસાધનમાં વૃદ્ધિ થાય એ માટેના પગલાનું અમલીકરણ કરશે.

SCENARIO 2

What is the complaint?

Villagers have approached a paralegal with the complaint that common village land has been leased out for mining to private companies. The residents of the villages have been using this land for grazing their cattle for three generations. From a written response they received from the District Collector's office, it appears that several small mining leases have been issued, parceling the grazing land. If these lands are lost, the villagers will not be able to continue their livestock related livelihoods, as the land for grazing will be lost.

Is a law being violated?

The first question that needs to be asked here is if there is a national or state specific law or government department or agency which governs the use of common village lands. It is based on this information that the next steps can be planned. The location of the grazing land may also attract other site specific laws.

Law	Corresponding Institutions/ Officials	Section/Clause
Court judgments and Administrative Procedures		
1. SC Judgment (dated 28.01.11) in Civil Appeal No. 1132/2011 @ SLP(C) No. 3109/2011: Related to the protection of common lands	1. State Government (Development Commissioner) 2. Sarpanch/ Head of Panchayat	Directions to the State Governments to evict illegal occupants of common village lands under the Panchayat Directions restricting conversion of common lands to other purposes
2. State Panchayat Act: Check whether the Panchayat has any special powers to protect common village lands under its jurisdiction	Sarpanch/Head of Panchayat	Each state has its own Panchayat Act
Permissions, Rights and Consents related laws		
3. No Objection Certificate (NOC) from the Panchayat: Check whether an NOC has been sought from the concerned Panchayat	Sarpanch/Head of Panchayat	Each state has its own Panchayat Act

સ્થીતી ૨

ફરિયાદ શું છે?

ગામના લોકોએ પેરાલીગલનો સંપર્ક કરી જાણ કરી કે ગામની જાહેર જમીન ખાણના કામ માટે ખાનગી કંપનીને પટ્ટે અપાઈ ગઈ છે. ગામના લોકો ત્રણ પેઢીથી આ જમીનનો ઉપયોગ પોતાના ઢોર ચરાવવા માટે કરતા હતા. જીલ્લા કલેક્ટર સાહેબ પાસેથી લેખિતમાં માહિતી મળી છે કે ઘણી નાની ખાણોને ગૌચરની જમીન પટ્ટે અપાઈ છે. જો આ જમીન ખાનગી કંપનીઓને આપી દેવાય તો પશુપાલન સાથે જોડાયેલ આજીવિકાને ટકાવી રાખવી મુશ્કેલ થશે.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

અહિયાં પહેલો પ્રશ્ન એ થાય છે કે શું ગામની જાહેર જમીનને લાગુ પડતો કોઈ રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તરનો કાયદો છે? આ માહિતી ઉપર આધાર રાખી આગળના પગલા નક્કી કરી શકાય. એવું પણ બને કે ગૌચર જમીનનું સ્થાન/ભૌગોલિક સ્થિતિ અન્ય સ્થળ આધારિત કાયદાઓ હેઠળ પણ આવરી લેવાયું હોય.

કાયદો	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
કોર્ટના ચુકાદાઓ અને વહીવટી પ્રક્રિયાઓ		
૧. સુપ્રીમ કોર્ટ જજમેન્ટ (તારીખ ૨૮/૧/૨૦૧૧) સિવિલ અપીલ નં. ૧૧૩૨/૨૦૧૧ અને સ્પેશ્યલ લીવ પીટીશન (સી.) નં. ૩૧૦૯/૨૦૧૧. (જાહેર જમીનના રક્ષણ સંબંધી)	૧. રાજ્ય સરકાર (ડેવલપમેન્ટ કમિશ્નર) ૨. સરપંચ/ પંચાયત પ્રમુખ	રાજ્ય સરકારને ગ્રામ પંચાયતની જમીન સંબંધી ગેરકાયદેસર કબજેદારને જમીન ખાલી કરી દેવા નિર્દેશ. જાહેર જમીનને ઉપયોગમાં હેતુફેરની મનાઈ માટેનો નિર્દેશ
૨. રાજ્ય પંચાયત અધિનિયમ: તપાસ કરો કે પંચાયતને તેમના નેજા હેઠળની જાહેર જમીનના રક્ષણ માટે કોઈ ખાસ સત્તા છે.	સરપંચ/ પંચાયત પ્રમુખ	દરેક રાજ્યનો પોતાનો પંચાયત અધિનિયમ હોય છે.
પરવાનગીઓ, અધિકારો અને સંમતિ સંબંધી કાયદાઓ		
૩. પંચાયત પાસેથી વાંધો નહોવા મુજબનું પ્રમાણ પત્ર (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) તપાસ કરો કે સંલગ્ન પંચાયત પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ મેળવાયેલ છે કે નહી.	સરપંચ/ પંચાયત પ્રમુખ	દરેક રાજ્યને પોતાનું પંચાયત અધિનિયમ હોય છે.

Site specific laws		
4. Coastal Regulation Zone (CRZ) Notification, 2011: Check whether this is a permissible activity in the concerned CRZ sub-zone(s)	1. SCZMA 2. District Level Coastal Committee (DLCC) (under the District Collector)	Section 3; Section 4 and Section 7
5. ESA: Check whether any special orders, notifications or guidelines have been issued to protect or conserve this area, or restrict activity like ESA,	1. MoEFCC 2. ESA Management Committee	Section 3 (2) (v) of the EPA, 1986

સ્થળ આધારિત કાયદાઓ		
૫. સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧; તપાસ કરો કે નોટીફીકેશન હેઠળ આવરી લેવાયેલ કાંઠાના વિસ્તારમાં કોઈ ગ્રાહ્ય પ્રવૃત્તિ ચાલી રહી છે.	૧. રાજ્યની રાજધાનીમાં સ્થિત રાજ્ય કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તાધિકારી (GCZMA) ૨. જીલ્લા સ્તરે કાંઠા વિસ્તાર કમિટી (DLCC) (જીલ્લા કલેકટરના નેજા હેઠળ)	કલમ ૩, કલમ ૪, કલમ ૭
૬. પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર: શું આ વિસ્તારના સંરક્ષણ, રક્ષણ અથવા પ્રવૃત્તિને રોકવા માટેનો કોઈ હુકમ, જાહેરનામું અથવા માર્ગદર્શન જાહેર કરવામાં આવ્યું છે.	૧. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) ૨. પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર વ્યવસ્થાપન સમિતિ	પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, (EPA) ૧૯૮૬ની કલમ ૩(૨) ૫

SCENARIO 3

What is the complaint?

A paralegal is approached by a few representatives of the fishing community with news that a railway line is being constructed across an inter-tidal area. They have witnessed that the construction of the railway line involves bunding and filling up of the creek with mud. This is going to impact the flow of water and thereby the availability of fish. It will also impact their undeterred access to the creek and inter-tidal area. They have only seen local contractors working in the area who are not very forthcoming with information or open to dialogue.

Is a law being violated?

The construction of a railway line in a coastal area is likely to require some legal and statutory permissions before which construction activity can be initiated. These could either be site specific permissions or those which are applicable to railway lines irrespective of their location. There are some questions, which would need to be asked with regard to legality of the construction.

સ્થીતી 3

ફરિયાદ શું છે?

માછીમાર સમુદાયના અમુક લોકો પેરાલીગલને મળી સમાચાર આપે છે કે આંતર-ભરતી વિસ્તારમાં રેલ્વે લાઈન નખાઈ રહી છે. તેઓએ જોયું છે કે રેલ્વે લાઈન નાખવા માટે ખાડીના વિસ્તારને માટીથી ભરી દેવામાં આવશે જેથી પાણીનો વહેણ રોકાઈ જશે અને માછલીઓની સંખ્યામાં ઘટાડો થશે. આથી તેઓની ખાડી અને આંતર-ભરતી વિસ્તાર સુધીની પહોંચને પણ અસર થશે. તેઓએ માત્ર સ્થાનિક કોન્ટ્રેક્ટરોને કામ કરતા જોયા છે કે જેઓ કોઈ માહિતી આપી નથી રહ્યા કે કોઈ વાર્તાલાપ કરવા પણ તૈયાર નથી.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

કાંઠા વિસ્તારમાં રેલ્વે લાઈનનું બાંધકામ શરુ કરતા પહેલા અમુક કાયદાકીય પરવાનગી મેળવી લેવાની હોય છે. તે સ્થળ આધારિત ખાસ પરવાનગી હોઈ શકે અથવા તો કોઈ પણ સ્થળે નંખાતી રેલ્વે લાઈન આધારિત હોઈ શકે. બાંધકામની કાયદેસરતાને લગતા અમુક પ્રશ્નો પૂછી શકાય:

Photo credit: Kanchi Kohli / કાંચી કોહલી

Law	Corresponding Institutions/Officials	Section/Clause
Site specific laws		
1. CRZ Notification, 2011: Check whether this is a permissible activity in the concerned CRZ sub-zones	1. SCZMA 2. DLCC (under the District Collector)	Section 3; Section 4 and Section 7
2. Forest (Conservation) Act (FCA), 1980: Check whether the construction is being carried out on forest land and if permission for forest diversion is required	1. Divisional Forest Officer 2. MoEFCC (Regional and New Delhi office)	Section 2
3. Wildlife (Protection) Act (WLPA), 1972: Check whether the activity is being carried out around an area declared as protected under the WLPA (e.g. National Park, Sanctuary, etc.)	1. Divisional Forest Officer (Wildlife) 2. Conservator of Forests (Wildlife) 3. State Board for Wildlife (SBWL)	Section 29 and; Section 35 (6)
4. ESA, CVCA or Critically Polluted Area: Check whether any special orders, notifications or guidelines have been issued to protect or conserve this area or restrict activity under the declaration of an ESA, CVCA or a Critically Polluted Area	1. MoEFCC 2. CZMA 3. PCB	1. Section 3 (2) (v) of the EPA, 1986 2. Section 4 of the CRZ Notification, 2011 3. Section 19 of the Air Act, 1981 or the Water Act, 1974
Permissions, Rights and Consents related laws		
5. NOC from the Panchayat or Municipality: Check whether an NOC has been sought from the concerned Panchayat or Municipality	1. Sarpanch/Head of Panchayat 2. Elected Municipal Corporator/Municipal Commissioner	Each state has its own Panchayat Act
6. CRZ Notification, 2011: Check whether this is a permissible activity in the concerned CRZ sub-zone(s)	1. SCZMA 2. DLCC(under the District Collector)	Section 3; Section 4 and Section 7
7. Scheduled Tribes and Other Traditional Forest Dwellers (Recognition of Forest Rights) Act, 2006 (FRA, 2006): Check whether there are any pending individual or community forest rights claims and if the consent of a Gram Sabha has been sought prior to forest diversion	1. Forest Rights Committee 2. Gram Panchayat 3. District Collector	3.8.2009 circular issued by MoEFCC

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
સ્થળ આધારિત કાયદાઓ		
૧. સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧: તપાસ કરો કે શું આ પ્રવૃત્તિ સી.આર.ઝેડ. નોટીફીકેશન હેઠળના વિસ્તારોમાં ગ્રાહ્ય છે.	૧. રાજધાનીમાં સ્થિત રાજ્ય દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તાધિકારી (GCZMA) ૨. જીલ્લા સ્તરે દરીયાકાંઠા સમિતિ (DLCC)(જીલ્લાકલેક્ટરનાનેજાહેઠળ)	કલમ ૩, કલમ ૪, અને કલમ ૭
૨. વન સુરક્ષા અધિનિયમ, (FCA) ૧૯૮૦: શું બાંધકામ જંગલની જમીન ઉપર થઈ રહ્યું છે અને શું જમીનના હેતુફેર માટે પરવાનગીની જરૂર છે.	૧. વિભાગીય વન અધિકારી ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) (પ્રાદેશિક અને નવી દિલ્લી સ્થિત કાર્યાલય)	ની કલમ ૨
૩. વન્યજીવન સંરક્ષણ અધિનિયમ, (WLPA) ૧૯૭૨: શું પ્રવૃત્તિ સદર કાયદા હેઠળ જાહેર કરાયેલ સંરક્ષિત વિસ્તારમાં કરવામાં આવી રહી છે. (ઉદાહરણ રાષ્ટ્રીય ઉધાન, અભ્યારણ્ય વિગેરે)	૧. વિભાગીય વન અધિકારી (વન્યજીવન) ૨. વન સંરક્ષક (વન્યજીવન) ૩. રાજ્ય કક્ષાનું વન્યજીવન બોર્ડ	કલમ ૨૯, કલમ ૩૫(૬)
૪. પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર, સી.વી.સી.એ., સી.ઈ.પી.આઈ: શું પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર, સી.વી.સી.એ., ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તાર વિગેરે જેવા કોઈ ખાસ હુકમ, જાહેરનામું અથવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.	૧. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) ૨. કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તાધિકારી (CZMA) ૩. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	૧. પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, (EPA) ૧૯૮૬ની કલમ ૩(૨) ૫ ૨. સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧ની કલમ ૪ ૩. એર એક્ટ, ૧૯૮૧ અથવા વોટર એક્ટ, ૧૯૭૪
પરવાનગી, અધિકારો અને સંમતિ સંબંધિત કાયદાઓ		
૫. પંચાયત અથવા મ્યુનીસીપાલટી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ: તપાસ કરો કે સંબંધિત પંચાયત અથવા મ્યુનીસીપાલટી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ લીધેલ છે.	૧. સરપંચ/પંચાયત પ્રમુખ ૨. ચુંટાયેલ મ્યુનીસીપલ કોર્પોરેટર/ મ્યુનીસીપલ કમિશ્નર	દરેક રાજ્યને તેનું આગવું પંચાયત અધિનિયમ હોય છે.
૬. સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧: તપાસ કરો કે શું આ પ્રવૃત્તિ સી.આર.ઝેડ. નોટીફીકેશન હેઠળના વિસ્તારોમાં ગ્રાહ્ય છે.	૧. રાજધાનીમાં સ્થિત રાજ્ય કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તાધિકારી GCZMA) ૨. જીલ્લા સ્તરે કાંઠા સમિતિ (DLCC) (જીલ્લા કલેક્ટરના નેજા હેઠળ)	કલમ ૩, કલમ ૪, અને કલમ ૭
૭. વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬: (FRA)શું કોઈ વ્યક્તિગત અથવા સામુદાયિક જંગલને લગતા અધિકારો અનિર્ણિત છે અને શું જમીન હેતુફેર માટે ગ્રામ સભાની મંજુરી લેવામાં આવી છે	૧. વન અધિકાર સમિતિ ૨. ગ્રામ સભા ૩. જીલ્લા કલેકટર	વન અને પર્યાવરણ – જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) દ્વારા જાહેર કરાયેલ તારીખ ૩.૮.૨૦૦૯ના રોજનું પરિપત્ર

SCENARIO 4

What is the complaint?

During a visit to a local village, the grassroots legal advocate or community paralegal took a walk to a river adjoining the stream. The villagers had been inviting her to come there because they had noticed that a pipeline had been regularly dumping foul smelling effluent into the river. While the pipeline had been constructed a year back, the villagers had only begun noticing its impact recently when their customers rejected the fish catch, finding that it tasted of chemicals. The discharge had not smelled earlier and this had been only a recent occurrence over the last three months or so.

Is a law or legal condition being violated?

In the present scenario it would first need to be understood if the pipeline is attached to any industry or effluent treatment facility. If yes, then does the industry or the facility have the necessary permissions related to the discharging effluent in the river? If there is a permission, then what is the allowed quantum of discharge and is to be treated or untreated?

સ્થીતી ૪

ફરિયાદ શું છે?

સ્થાનિક ગામની મુલાકાત સમયે ગ્રામ્ય સ્તરના કાયદાકીય વકીલ અથવા સામુદાયિક પેરાલીગલ પાસેના નદીના પ્રવાહ પાસે ચાલવા જાય છે. તેને અહિયાં આવવા માટે આમંત્રિત કરાયું છે કારણ કે ગામના લોકોએ એક પાઈપલાઈન જોઈ છે જે સતત દુર્ગંધ મારતું પ્રવાહી નદીમાં છોડે છે. આ પાઈપલાઈન એક વર્ષ અગાઉથી બાંધવામાં આવી છે પરંતુ ગામના લોકોનું ધ્યાન હાલ જ ગયું કે જ્યારે તેઓના ગ્રાહકોએ તેઓ દ્વારા વેચાતી માછલી કેમિકલ જેવો સ્વાદ ધરાવતી હોવાના કારણે ખરીદવાની ના પાડી. છોડવામાં આવતા પ્રવાહીમાંથી પહેલા દુર્ગંધ આવતી ન હતી પણ તે પાછલા ત્રણ મહીનાથી જ દુર્ગંધ આપે છે.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

પ્રસ્તુત પરીપ્રેક્ષ્યમાં સર્વપ્રથમ એ બાબત સમજવી પડશે કે શું આ પાઈપલાઈન કોઈ ઉદ્યોગ અથવા પ્રવાહી બગાડની સુધાર-પ્રક્રિયા સાથે જોડાયેલ છે? જો હા, શું આ ઔદ્યોગિક એકમને પ્રવાહી બગાડ નદીમાં વહાવી દેવા માટેની પરવાનગી મળેલ છે? જો પરવાનગી હોય તો નિકાલ કરાયેલ પ્રવાહીની માત્રા કેટલી અને શું, છે એજ સ્થિતિમાં નિકાલ કરવાનું છે અથવા અમુક પ્રક્રિયામાંથી પસાર કરાયા પછી તેનો નિકલા કરવાનો છે ?

Photo credit: Kanchi Kohli/કાંચી કોહલી

Law	Corresponding Institutions/ Officials	Section/Clause
Site specific laws		
1. CRZ Notification, 2011: Check whether this is a permissible activity in the concerned CRZ sub-zone(s)	1. SCZMA 2. DLCC (under the District Collector)	Section 3; Section 4 and Section 7
2. FCA, 1980: Check whether the construction is being carried out on forest land and if permission for forest diversion is required	1. Divisional Forest Officer 2. MoEFCC (Regional and New Delhi office)	Section 2
3. Critically Polluted Area under the Air or Water Act: Check whether the area has been declared a Critically Polluted Area and if any special safeguards have been issued	PCB(s)	1. Chapter IV and Section 19 of the Air Act, 1981 2. Section 19 of the Water Act, 1974, 3. Section 19 of Air Act, 1981
4. WLPA, 1972: Check whether the activity is being carried out around an area declared as protected under the WLPA (e.g. National Park, Sanctuary, etc.)	1. Divisional Forest Officer (Wildlife) 2. Conservator of Forests (Wildlife) 3. State Board for Wildlife (SBWL)	Section 29; Section 35 (6)
Permissions, Rights and Consents related laws		
5. NOC from the Panchayat or Municipality: Check whether an No Objection Certificate (NOC) has been sought from the concerned Panchayat or Municipality	1. Sarpanch/Head of Panchayat 2. Elected Municipal Corporator/Municipal Commissioner	Each state has its own Panchayat Act
6. EIA Notification, 2006: Check whether the industry/ facility has obtained the environmental clearance. If yes, check if there is a violation of a specific condition of the environmental clearance letter.	1. SEIAA (if Category B project) 2. MoEFCC (if Category A project)	Section 2 and related procedures Schedule of the EIA Notification and specifically Sections 7 (d); Section 7 (h)

કાયદાઆ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
સ્થળ આધારિત કાયદાઓ		
૧. સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧: તપાસ કરો કે શું આ પ્રવૃત્તિ સી.આર.ઝેડ. નોટીફીકેશન હેઠળના વિસ્તારોમાં ગ્રાહ્ય છે.	૧. રાજધાનીમાં સ્થિત રાજ્ય કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તાધિકારી (GCZMA) ૨. જીલ્લા સ્તરે કાંઠા સમિતિ (DLCC) (જીલ્લા કલેક્ટરના નેજા હેઠળ)	કલમ ૩, કલમ ૪, અને કલમ ૭
૨. વન સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૦: (FCA) શું બાંધકામ જંગલની જમીન ઉપર થઈ રહ્યું છે અને શું જમીનના હેતુફેર માટે પરવાનગીની જરૂર છે.	૧. વિભાગીય વન અધિકારી ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) (પ્રાદેશિક અને નવી દિલ્લી સ્થિત કાર્યાલય)	વન સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૦ (FCA)ની કલમ ૨
૩. એર અથવા વોટર એક્ટ હેઠળ ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તાર: શું વિસ્તારને ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તાર તરીકે જાહેર કરાયું છે અને કોઈ ખાસ તકેદારીના પગલા જાહેર કરાયા છે	પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	એર એક્ટ ૧૯૮૧નો ભાગ ૪ અને કલમ ૧૯; વોટર એક્ટ ૧૯૭૪ની કલમ ૧૯
૪. વન્યજીવન સંરક્ષણ અધિનિયમ, (WLPA) ૧૯૭૨: શું પ્રવૃત્તિ સદર કાયદા હેઠળ જાહેર કરાયેલ સંરક્ષિત વિસ્તારમાં કરવામાં આવી રહી છે. (ઉદાહરણ રાષ્ટ્રીય ઉદ્યાન, અભ્યારણ્ય વિગેરે)	૧. વિભાગીય વન અધિકારી (વન્યજીવન) ૨. વન સંરક્ષક (વન્યજીવન) ૩. રાજ્ય કક્ષાનું વન્યજીવન બોર્ડ	કલમ ૨૯, કલમ ૩૫ (૬)
પરવાનગી, અધિકારો અને સંમતિ સંબંધી કાયદાઓ		
૫. પંચાયત અથવા મ્યુનીસીપાલટી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ: તપાસ કરો કે સંબંધિત પંચાયત અથવા મ્યુનીસીપાલટી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ લીધેલ છે.	૧. સરપંચ/ પંચાયત પ્રમુખ ૨. ચુંટાયેલ મ્યુનીસીપલ કોર્પોરેટર/ મ્યુનીસીપલ કમિશ્નર	દરેક રાજ્યને તેનું પોતાનું પંચાયત અધિનિયમ હોય છે.
૬. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬: ઉદ્યોગ, ટ્રીટમેન્ટ પ્લાન્ટ અથવા પાઇપલાઇન માટે પરવાનગી અથવા પર્યાવરણ પરવાનગી પત્રની કોઈ ખાસ જોગવાઇનું ઉલ્લંઘન.	૧. સ્ટેટ એનવાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી (SEIAA) (જો કેટેગરી બી પ્રોજેક્ટ હોઈ તો) ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) જો કેટેગરી એ પ્રોજેક્ટ હોય	ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬ની સૂચી અને ખાસ કરીને કલમ ૭ (ઘ); ૭ (ઙ) ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬ ની કલમ ૨ અને સંલગ્ન પ્રક્રિયાઓ

7. Water (Prevention and Control of Pollution) Act, 1974: Check whether the consents to establish and operate the pipeline as part of the industry/facility or independently have been obtained and if there is any violation of the same	1. SPCB and its regional offices	Section 25 (1); Section 25 (4)
Public nuisance under criminal law		
8. The Indian Penal Code (IPC), 1860	District Collector	Section 19 which gives every person empowered by law the powers of a judge Section 268 which defines a public nuisance

CONDITIONS IN A CRZ APPROVAL LETTER OF AN INDUSTRY ON THE WEST COAST

- There shall be disposal of solid and liquid wastes in the coastal areas.
- Sewage Treatment facility should be provided in accordance with the CRZ Notification. Chlorination shall be adopted and treated sewage should be reused.
- Adequate measures should be taken to prevent odour problems from the solid waste processing plant and sewage treatment plant.

૭. વોટર (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એક્ટ, ૧૯૭૪: પાઈપલાઈનને ઉદ્યોગના ભાગ રૂપે અથવા સ્વતંત્ર રીતે સ્થાપિત કરવું અને સંચાલન કરવું	૧. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને તેના પ્રાદેશિક કાર્યાલયો	કલમ ૨૫ (૧); કલમ ૨૫ (૪)
ફોજદારી કાયદા હેઠળ જાહેર ઉપદ્રવ		
૮. ભારતીય દંડ સંહિતા, (IPC) ૧૮૬૦	જીલ્લા કલેક્ટર	કલમ ૧૯ દરેક વ્યક્તિ કે જેને કાયદાકીય રીતે જજ થવાની સત્તા આપી હોય કલમ ૨૬૮: જાહેર ઉપદ્રવની પરિભાષા

પશ્ચિમી કિનારા ઉપર સ્થિત ઉદ્યોગો માટે સી.આર.ઝેડ. નોટીફીકેશન પરવાનગી પત્ર હેઠળની શરતો

- કાંઠા વિસ્તારમાં ઘન અને પ્રવાહી કચરાનો નિકાલ થશે
- સી.આર.ઝેડ. નોટીફીકેશનની જોગવાઈ મુજબ ગંદા પાણી માટે સીવેજ ટ્રીટમેન્ટ સુવિધા હોવી જોઇશે. પાણીમાં ક્લોરીન ભેળવી શુદ્ધીકરણ હાથ ધરાશે અને આ રીતે શુદ્ધ કરાયેલ પાણીને ફરી ઉપયોગમાં લેવાશે.
- ઘન કચરના પ્રોસેસિંગ પ્લાન્ટ અને એસ.ટી.પી. પાસેના વિસ્તારમાં દુર્ગંધ ન આવે તે માટે પૂરતા પગલા લેવા

SCENARIO 5

What is the complaint?

Residents of a village settlement approached a paralegal with news related to construction of a godown by a private company. The residents have found out that the godown will be used for storing toxic chemicals. The location of the storage terminal is very close to the village school and within a range of one kilometre from their village boundary. They are worried about the harmful effects of toxic chemicals on their health once the godown is constructed. Villagers also fear that in the event of an accident or a leakage in the terminal, their lives and their children's lives will be at risk. They have raised all these concerns before the government officials and yet the construction activity has continued.

Is a law being violated?

In this case it needs to be understood (a) if the godown has the necessary permissions for construction; if yes, what is the exact location and (b) whether approvals for the storage and handling of hazardous chemicals have been obtained. Since the local people have raised these issues before government bodies in the past, it can be checked if this was through a legal forum like a public hearing and whether they are reflected anywhere in the project appraisal process. It can also be checked if the conditions on which the permissions were granted, are complied with.

સ્થીતી ૫

ફરિયાદ શું છે?

ગામના રહેવાસીઓ પેરાલીગલને મળી ખાનગી કંપની દ્વારા ગોડાઉનના બાંધકામ વિશેના સમાચાર આપે છે. રહેવાસીઓને ખબર પડી છે જે આ ગોડાઉનનો ઉપયોગ ઝેરી રસાયણના સંગ્રહ માટે કરવા આવશે. આ ગોડાઉન ગામની સ્કુલથી ઘણું નજીક છે અને અને તેઓના ગામની સીમાના ૧ કી.મી.ના અંતરમાં આવે છે. તેઓને ગોડાઉનનું બાંધકામ થઇ ગયા પછી તેમના સ્વાસ્થ્ય ઉપર થનારી આડ અસરની ચિંતા છે. તેઓને એવી પણ ચિંતા છે કે જો ગોડાઉનમાં કોઈ અકસ્માત થાય અથવા ગળતરનો બનાવ બને તો તેઓના બાળકોનું જીવન જોખમમાં મુકાય. તેઓએ તેમની ફરિયાદની રજૂઆત સંબંધિત સરકારી અધિકારીઓ સમક્ષ કરી છે છતાં બાંધકામ ચાલુ છે.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

આ કિસ્સામાં એ બાબત સમજી લેવી જોઈએ કે (૧) શું ગોડાઉન બનાવવા માટે જરૂરી પરવાનગી મેળવેલ છે. જો હા, તો ગોડાઉનના બાંધકામ માટે ખરેખર કયું સ્થળ ફાળવવામાં આવ્યું છે અને (૨) શું ઝેરી રસાયણના સંગ્રહ અને નિભાવ માટે પરવાનગી અપાઈ છે. લોકોએ આ બાબતે ભૂતકાળમાં સરકારી અધિકારીઓ સમક્ષ પોતાની ફરિયાદની રજૂઆત કરી છે, તો તપાસ કરી શકાય કે શું આવી રજુઆતો કાયદાકીય મંચ જેવા કે જાહેર સુનાવણી દ્વારા કરવામાં આવી છે અને શું આવી ફરિયાદોનો ઉલ્લેખ પ્રોજેક્ટ મૂલ્યાંકનમાં ક્યાય દર્શાવાઈ છે. એ બાબતની પણ તપાસ કરી શકાય કે જે શરતોને આધીન પરવાનગી અપાઈ છેનું પાલન થઇ રહ્યું છે કે નહી.



Photo credit: Kanchi Kohli/ચીત્ર શ્રેય: -કાન્ચી કોહલી

Law	Corresponding Institutions/ Officials	Section/Clause
Permissions, Rights and Consents related laws		
1. EIA Notification, 2006: Check whether the activity has obtained the environmental clearance. If yes, check if there is a violation of a specific condition of an environmental clearance letter.	1. SEIAA (if Category B project) 2. MoEFCC (if Category A project)	Schedule of the EIA Notification and specifically Section 6 (b) Section 2; Section 8; Appendix IV
2. Hazardous and Other Wastes (Management and Trans-boundary Movement) Rules, 2016:	SPCB	Section 4
3. NOC from the Panchayat or Municipality: Check whether an NOC has been sought from the concerned Panchayat or Municipality	1. Sarpanch/Head of Panchayat 2. Elected Municipal Corporator/Municipal Commissioner	Each state has its own Panchayat Act
4. CRZ Notification, 2011: Check whether this is a permissible activity in any of the concerned CRZ sub-zone(s).	1. SCZMA located at the state capital 2. DLCC (under the District Collector)	Section 3; Section 4 and Section 7
Other Site specific laws		
5. WLPA, 1972: Check whether the activity is being carried out around or within an area declared as protected under the WLPA (e.g. National Park, Sanctuary, etc.)	1. Divisional Forest Officer (Wildlife) 2. Conservator of Forests (Wildlife) 3. State Board for Wildlife (SBWL)	Section 29; Section 35 (6)
6. ESA, CVCA, Critically Polluted Area, etc.: Check whether any special orders, notifications or guidelines have been issued to protect or conserve this area or restrict activity under the declaration of an ESA, CVCA, Critically Polluted Area or so on	1. MoEFCC 2. ESA Management Committee 3. SCZMA 4. PCB	1. Section 3 (2) (v) of the EPA, 1986 2. Section 4 of the CRZ Notification, 2011 3. Section 19 of Air Act, 1981 or Water Act, 1974

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
પરવાનગી, અધિકારો અને સંમતિ સંબધિત કાયદાઓ		
૧. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬: મુજબ તપાસ કરો કે પ્રવૃત્તિ માટે પર્યાવરણ પરવાનગી લેવાઈ છે. જો હા, તપાસ કરો કે પર્યાવરણ પરવાનગી પત્રની કોઈ ખાસ જોગવાઈનું ઉલ્લંઘન થયું છે.	૧. સ્ટેટ એનવાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી(SEIAA) (વર્ગ બ પ્રોજેક્ટ) ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) વર્ગ અ પ્રોજેક્ટ)	ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬ સૂચી અને ખાસ કરીને કલમ ૬ (b) કલમ ૨; કલમ ૮, અને પરિશિષ્ટ ૪
૨. જોખમી સામગ્રી (વ્યવસ્થાપન, સંચાલન અને સીમા-પાર હેરફેર) નિયમ ૨૦૧૬	રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	કલમ ૪
૩. પંચાયત અથવા મ્યુનીસીપાલટી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ: તપાસ કરો કે સંબંધિત પંચાયત અથવા મ્યુનીસીપાલટી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ લીધેલ છે.	૧. સરપંચ/ પંચાયત પ્રમુખ ૨. ચુંટાયેલ મ્યુનીસીપલ કોર્પોરેટર/ મ્યુનીસીપલ કમિશ્નર	દરેક રાજ્યને તેનું પોતાનું પંચાયત અધિનિયમ હોય છે.
૪. સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧: તપાસ કરો કે શું આ પ્રવૃત્તિ કાંઠા વિસ્તાર નિયમ જાહેરનામાં હેઠળના વિસ્તારોમાં ગ્રાહ્ય છે.	૧. રાજધાનીમાં સ્થિત રાજ્ય કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તાધિકારી (GCZMA) ૨. જીલ્લા સ્તરે કાંઠા સમિતિ (DLCC) (જીલ્લા કલેક્ટરના નેજા હેઠળ)	કલમ ૩, કલમ ૪, અને કલમ ૭
અન્ય સ્થળ આધારિત કાયદાઓ		
૫. વન્યજીવન સંરક્ષણ અધિનિયમ, (WLPA) ૧૯૭૨: શું પ્રવૃત્તિ સદર કાયદા હેઠળ જાહેર કરાયેલ સંરક્ષિત વિસ્તારમાં કરવામાં આવી રહી છે. (ઉદાહરણ રાષ્ટ્રીય ઉદ્યાન, અભ્યારણ્ય વિગેરે)	૧. વિભાગીય વન અધિકારી (વન્યજીવન) ૨. વન સંરક્ષક (વન્યજીવન) ૩. રાજ્ય કક્ષાનું વન્યજીવન બોર્ડ	કલમ ૨૯, કલમ ૩૫ (૬)
૬.પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર., સી.વી.સી.એ., સી.ઈ.પી.આઈ. શું પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર, સી.વી.સી.એ., ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તાર વિગેરે જેવા કોઈ ખાસ હુકમ, જાહેરનામું અથવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.	૧. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) ૨. કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન ૩. સત્તાધિકારી (SCZMA) ૪. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	૧. પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, (EPA) ૧૯૮૬ ની કલમ ૩ (૨) ૫ ૨. કાંઠા વિસ્તરણ નિયમન જાહેરનામું, (CRZ) ૨૦૧૧ ની કલમ ૪ ૩. વાયુ અધિનયમ, ૧૯૮૧ અથવા જળ અધિનિયમ, ૧૯૭૪

SCENARIO 6

What is the complaint?

The new community worker in the village noticed that there was a constant flow of trucks into the village every day from the nearby coal mines. These trucks were usually carrying some sort of minerals from nearby companies and left behind a trail of dust every time. A layer of dust always covered the houses and shops that were on the roadside. Asking the villagers about this, she came to know that this had been going on for years and that overspeeding of the trucks has even caused deaths in the area. The villagers said that at several occasions they had pleaded with the company owners to do something about this situation.

Is a law being violated?

Mines have to take permissions related to siting of the operations (e.g., in forest areas) mitigating environmental impacts and pollution control from different regulatory agencies. These permissions once granted list out the conditions to minimise the environmental and social impact while transporting the ore. Alternatively, one can also approach the District Collector under the Indian Penal Code (IPC). As dust generated while transporting causes a nuisance to the public, a compliant can be made citing public nuisance.

(Note: While the provisions below are responding to the specific scenario of coal transportation, they would also be applicable to the transportation of other minerals and even fly ash, especially where the law is not coal centric.)

સ્થીતી ૬

ફરિયાદ શું છે?

નવા સામુદાયિક કાર્યકરના ધ્યાને આવે છે કે પાસેની કોલસાની ખાણમાંથી ટ્રકો રોજ ગામમાંથી થઈને જાય છે. આ ટ્રકોમાં સામાન્યતઃ પાસેની કંપનીઓમાંથી લાવેલ કોલસો હોય છે જે દરેક વખતે રસ્તા ઉપર કોલસાની રજ ઉડાવતી જતી હોય છે જેના કારણે રસ્તાના કિનારે સ્થિત ઘરો અને દુકાનો ઉપર કોલસાના રજની થર જામી જાય છે. ગામના લોકોને પૂછતા ખબર પડી કે આતો વર્ષોથી ચાલતું આવ્યું છે અને ઘણી વખત પૂરઝડપે ચાલતી ટ્રકો દ્વારા વિસ્તારમાં મૃત્યુના બનાવ પણ બન્યા છે. ગામના લોકોએ જણાવ્યું કે તેઓએ ઘણી વખત કમ્પનીના માણસોને આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે અરજ કરી છે.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

ખાણના સંચાલન માટે જુદી જુદી નિયમન એજેન્સીઓ પાસેથી વિવિધ પરવાનગીઓ લેવાની હોય છે (ઉદાહરણ રૂપે જંગલ વિસ્તાર) જેથી પ્રદૂષણ નિયંત્રણ કરી પર્યાવરણીય અસરોને ઓછી કરી શકાય નિવારી શકાય. આ પરવાનગીઓ આપતી વખતે તેમાં ખનીજની હેરફેર વખતે ધ્યાનમાં રાખવાની શરતોનો ઉલ્લેખ હોય છે જેથી પર્યાવરણ અને સામાજિક અસરોને ઓછી કરી શકાય. વૈકલ્પિક રીતે, ભારતીય દંડ સંહિતા હેઠળ જીલ્લા કલેક્ટરનો પણ સંપર્ક કરી શકાય. સામાનની હેરફેર વખતે ફેલાતી રજના કારણે જાહેર લોકોને ઉપદ્રવ થતો હોવાથી, તે મુજબની ફરિયાદ કરી શકાય.

(નોંધ: નીચે દર્શાવાયેલ જોગવાઈઓ ખાસ કરીને કોલસાની હેરફેરને લાગુ પડે છે,કિસ્સાઓ કે જ્યાં કાયદાઓ કોલસાને લગતા ન હોય તે અન્ય ખનીજો અને કોલસાની રાખના હેરફેરને પણ લાગુથઇ શકે છે)

Photo credit: Bharat Patel / ફોટો શ્રેય: ભરત પટેલ

Law	Corresponding Institutions/Officials	Section/Clause
Permissions, Rights and Consents related laws		
1. EIA Notification, 2006: Check whether the activity has obtained the environmental clearance. If yes, check if there is a violation of a specific condition.	1. SEIAA (if Category B project) 2. MoEFCC (if Category A project)	Section 10 on monitoring and compliance Check whether the environmental clearance letter has any specific conditions related to transportation.
2. Air (Prevention and Control of Pollution) Act, 1981: Check whether the consents to establish and operate have been sought and if their conditions are being complied with(for consent to establish and operate)	SPCB or its nearest Regional Office	Section 21 (incase the company has not complied with conditions of the consent to operate) Section 31 A whereby in case of any violation, the SPCB can give directions for closure or stopping water or electricity supply Specific conditions of the consent to operate related to transportation
Public nuisance under criminal law		
3. IPC, 1860	District Collector	Section 19 which gives every person empowered by law the powers of a judge Section 268 which defines public nuisance
State specific guidelines (example)		
4. Guidelines for Coal Handling Units, 2010	Gujarat Pollution Control Board	Check for conditions related to transportation of coal

Guidelines for Coal Handling Units (issued by the Gujarat Pollution Control Board)

The Gujarat Pollution Control Board in 2010 issued guidelines specifically to deal with the environmental impacts arising out of storage, transportation and handling of coal. These guidelines lay down criteria regarding the following:

- Location - it specifies the distance at which a coal handling unit should be situated from areas like agricultural land, human habitations and ecological sensitive areas.
- Storage and handling - it gives the maximum height for stored coal heaps,the distance between them, and states that there should be mechanised loading and unloading
- Transportation - it has conditions like the trucks carrying the coal should be covered with tarpaulin, the trucks should not be overloaded, etc.
- Pollution prevention - it has conditions like water sprinkling should be conducted at every point of handling, there should be a 9 m compound wall at the periphery of the unit, etc.

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
પરવાનગી, અધિકારો અને સંમતિ સંબંધિત કાયદાઓ		
૧. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬: તપાસ કરો કે પ્રવૃત્તિ માટે પર્યાવરણ પરવાનગી લેવાઈ છે. જો હા, તપાસ કરો કે પર્યાવરણ પરવાનગી પત્રની કોઈ ખાસ જોગવાઈનું ઉલ્લંઘન થયું છે.	૧. સ્ટેટ એનવાયરમેન્ટ એસેસમેન્ટ ઓથોરીટી (વર્ગ બી પ્રોજેક્ટ) ૨. વન અને પર્યાવરણ – જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) (વર્ગ એ પ્રોજેક્ટ)	કલમ ૧૦ દેખરેખ અને પાલન તપાસ કરો કે પર્યાવરણ પરવાનગી પત્રમાં હેરાફેરી વિશેની કોઈ ખાસ શરત છે.
૨. વોટર (પોલ્યુશન કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન) એક્ટ, ૧૯૭૪: પાઈપ લાઈનને ઉદ્યોગના ભાગ રૂપે અથવા સ્વતંત્ર રીતે સ્થાપિત કરવું અને સંચાલન કરવું	રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને તેના પ્રાદેશિક કાર્યાલયો	કલમ ૨૧ (જો કમ્પની દ્વારા સંચાલનને લગતી શરતનું પાલન ન કરાયું હોય) કલમ ૩૧ (અ) જયારે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ઉલ્લંઘનના કિસ્સમાં પાણી, વીજળી પૂરવઠાને બંધ કરવાનો હુકમ આપી શકે. હેરફેરને લગતા સંચાલન માટેની ખાસ સંમતિ
ફોજદારી કાયદા હેઠળ જાહેર ઉપદ્રવ		
૩. ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦	જીલ્લા કલેકટર	કલમ ૧૯: દરેક વ્યક્તિ કે જેને કાયદાકીય રીતે જજ થવાની સત્તા આપી હોય કલમ ૨૬૮: જાહેર ઉપદ્રવની પરિભાષા
રાજ્યમાં લાગુ પડતા ખાસ નિર્દેશો		
૪. કોલસાના સંચાલન માટે નિર્દેશો	ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	કોલસાની હેરફેરને લગતી શરતોની તપાસ કરો

કોલસાના સંચાલન માટેના નિર્દેશો (ગુજરાત સરકાર દ્વારા જાહેર)

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કોલસાના સંગ્રહ, હેરફેર અને સંચાલન દ્વારા પર્યાવરણને થતી અસરોને નિયંત્રિત કરવા માટે ખાસ નિર્દેશો જાહેર કરવામાં આવેલ છે.

- ભૌગોલિક સ્થિતિ - કોલસા સંચાલન માટેના કેન્દ્રો પાસે ખેતરો, માનવ રહેઠાણ, ઈકોલોજીકલ રીતે સંવેદનશીલ વિસ્તારોથી કેટલા અંતરે સ્થિત હોવા જોઈએ.
- સંગ્રહ અને સંચાલન - કોલસાના ઢગલા કેટલી ઉંચાઈ અને દૂરી પર સ્થિત હોવા જોઈએ અને તેને ભરવાનું અને ખાલી કરવાનું કામ સંપૂર્ણ રીતે મશીન આધારિત હોવું જોઈએ.
- હેરફેર - કોલસાને ભરીને લઈ જતી ટ્રકો તાડપત્રીથી ઢંકાયેલ હોવી જોઈએ, અને ટ્રકોમાં ઓવર લોડ ન હોવું જોઈએ.
- પ્રદૂષણ નિયંત્રણ - સંચાલનના દરેક તબ્બકે પાણીનો છંટકાવ થવો જોઈએ, એકમના ફરતે ૯ મીટર ઉંચી દીવાલ હોવી જોઈએ વિગેરે.

When do guidelines become legally enforceable?

Guidelines are generally not legally binding, and functions as a document that could be referred to for directions. Administrative bodies in India acquire delegated power to issue directions, rules and guidelines through legislations.

The Air and Water Act give powers to the State Governments to issue guidelines. In Gujarat for example, the Gujarat Pollution Control Board has issued the Guidelines for Coal Handling Units that lay down how the transportation, storage and handling of coal should be done. In Odisha, the Odisha Pollution Control Board has formulated the Railway Siding Guidelines.

While stand alone, these documents are merely directory and not mandatory, when they are added on to the legally enforceable documents like the Environmental Clearance letter, Consent to Operate (CTO) or Consent to Establish (CTE), the guidelines also automatically become legally enforceable. For example, if in the CTO of a project, a condition is included which says that, "The applicant shall comply with Guidelines for Handling of Coal Handling Units", then it makes it mandatory for the project to follow the conditions of the Guidelines.

નિર્દેશો ક્યારે કાયદાકીય રીતે અમલી બને છે?

નિર્દેશો સામાન્ય રીતે કાયદાકીય રીતે લાગુ નથી પડતા, તેનો ઉપયોગ દસ્તાવેજ તરીકે જરૂર જણાય ત્યારે માર્ગદર્શન મેળવવા માટે કરાતો હોય છે. ભારતમાં વહીવટી માળખાને, વિવિધ કાયદાઓ હેઠળ સંબંધીત નિર્દેશો, નિયમો અને માર્ગદર્શિકા જાહેર કરવા માટે સત્તા મળે છે.

રાજ્ય સરકારને એર અને વોટર એક્ટ હેઠળ માર્ગદર્શક નિર્દેશો જાહેર કરવાની સત્તા મળે છે. ઉદાહરણ રૂપે ગુજરાતમાં, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કોલસાના સંચાલન માટેની માર્ગદર્શીકા બનાવી છે કે જેમાં કોલસાના સંગ્રહ, હેરફેર અને સંચાલન વિશેની માહિતી અપાઈ છે. ઓડીસામાં, ઓડીસા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રેલ્વે મીનરલ હેન્ડલીંગ ગાઇડલાઇન બનાવવામાં આવી છે.

દસ્તાવેજો જ્યારે એકલા જોવામાં આવે તો તે માત્ર દિશા નિર્દેશ સૂચનો જ ગણી શકાય પરંતુ જ્યારે તે પર્યાવરણ પરવાનગી પત્ર અથવા સંચાલન માટેનું સંમતિપત્ર અથવા સ્થાપના માટેનુ સંમતિપત્ર જેવા દસ્તાવેજ ઉપર નોંધવામાં આવે ત્યારે તે આપમેળે કાયદાકીય રીતે લાગુ થઇ જાય છે. ઉદાહરણ રૂપે જો સંચાલન માટેના સંમતિપત્રમાં લખાયેલું હોય "અરજદારે કોલસાના સંચાલનને લગતા માર્ગદર્શક નિર્દેશોનું પાલન કરવું" તો પ્રોજેક્ટ માટે આવી શરતોનું પાલન ફરજિયાત થઇ જાઈ છે.

SCENARIO 7

What is the complaint?

The youth group from a village living next to a coal-based power plant has been in an argument with the managers working at the unit. They claim that fumes from the cooling stacks are impacting the horticultural produce as well as causing breathing difficulties for people living close to the plant. In a recent training programme conducted by a local NGO, they have learnt that the power plant has been asked to do a full study on air quality modeling and report the same to the PCB. The youth group does not really know what to do with this information and what it really implies. They have approached a community organiser for help.

Is a law being violated?

Coal or gas based thermal power plants have to take permissions related to environmental impacts and pollution control from different regulatory agencies. These permissions, once granted, list out the technological input the plant would require, to reduce fumes (known as emissions). They would also have specific provisions related to how air quality monitoring should be carried out and how many monitoring stations should be set up. Other than emissions, power plants can also cause air pollution through the indiscriminate dumping of fly ash, generated in the process of power generation. This can also pollute the air in the area.

સ્થીતી ૭

ફરિયાદ શું છે?

ગામના યુવાનો કે જે કોલસા આધારિત પાવર પ્લાન્ટની બાજુમાં રહે છે થોડા સમયથી એકમના મેનેજર સાથે તકરાર કરી રહ્યા છે. કોલસાના ઢગલાના કારણે પાસેના બાગાયતને નુકશાન થઇ રહ્યું છે અને ફર્ટીલાઈઝર પ્લાન્ટની પાસે રહેતા લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ ઉભી થઇ રહી છે. હાલમાં જ એક સેવાભાવી સંસ્થા દ્વારા આયોજાયેલ તાલીમ કાર્યક્રમમાં તેઓને જાણ થઇ છે કે પાવર પ્લાન્ટને વાયુની ગુણવત્તાને લગતો વિસ્તૃત અભ્યાસ કરી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને રજુ કરવા કહેવામાં આવ્યું છે. યુવાનને એ વાતની સમજ નથી કે તેઓ પાસે જે માહિતી છે તે આધારે તેઓ શું કરી શકે અને આ બાબતનો ખરો અર્થ શું. તેઓએ આ બાબતે સામુદાયિક કાર્યકરની મદદ માંગી છે.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

કોલસા અથવા ગેસ આધારિત પાવર પ્લાન્ટએ વિવિધ નિયમન કરતી એજેન્સીઓ પાસેથી પ્રદૂષણ નિયંત્રણ બાબતની મંજુરી લેવાની હોય છે. આ પરવાનગીઓમાં ધુમાડો ઓછો કરી શકાય એ વિશેની તકનિકી માહિતી જણાવવામાં આવે છે. તેમાં વાયુની ગુણવત્તા કઈ રીતે જાળવવી અને તેના દેખરેખ માટે કેટલા કેન્દ્રોની સ્થાપના કરવી, મુજબની પણ માહિતી હોય છે. પ્લાન્ટમાંથી નીકળતા ધુમાડા સિવાય પણ પાવર પ્લાન્ટ દ્વારા કોલસાની રાખનો નિકાલ અનિયંત્રિત રીતે કરાતો હોય છે જેથી વાયુ પ્રદૂષણ ફેલાતું હોય છે જે વિસ્તારની વાયુને પ્રદૂષિત કરે છે.

Photo credit: Kanchi Kohli / કાંચી કોહલી

Law	Corresponding Institutions/ Officials	Section/Clause
Permissions, Rights and Consents related laws		
1. EIA Notification, 2006: Check whether the plant has obtained the environmental clearance required for thermal power plants. If yes, check if there is a violation of a specific condition.	1. SEIAA (if Category B project) 2. MoEFCC (if Category A project)	Section 2 and related procedures Schedule of the EIA Notification and specifically Section 1 (d) Specific conditions related to setting up of air quality monitoring stations and following emission standards
2. Air (Prevention and Control of Pollution) Act, 1981: Check whether the consents to establish and operate have been sought and if their conditions are being complied with.	SPCB	Section 17 (1) (e); Section 17 (1) (f) (on inspections and monitoring) and Section 18 (on power to give directions against violations) Specific conditions related to technology for pollution control and setting up of air quality monitoring stations
3. Fly Ash Notification, 1999 (with the latest amendments up to 2016):	1. SPCB 2. MoEFCC	Notification regulating the disposal of fly ash to minimise impact
State specific guidelines		
4. Guidelines for Handling Coal Units, 2010 (Gujarat)/ Guidelines for Mineral Stacks and Railway Siding Guidelines	SPCBs	Check whether specific guidelines have been issued which has conditions related to storage, transportation and handling of minerals
Site Specific Laws		
5. ESA, CVCA, Critically Polluted Area, etc.: Check whether any special orders, notifications or guidelines have been issued to protect or conserve this area or restrict activity under the declaration of an ESA, CVCA, Critically Polluted Area or so on	1. MoEFCC 2. CZMA 3. PCB	1. Section 3 (2) v of the EPA, 1986 2. Section 4 of the CRZ Notification, 2011 3. Section 19 of the Air Act, 1981
Public nuisance under criminal law		
6. The Indian Penal Code 1860	District Collector	Section 19 which gives every person empowered by law the powers of a judge Section 268 which defines a public nuisance

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને કાર્યાલયો	જોગવાઈઓ
પરવાનગી, અધિકારો અને સંમતિ સંબંધિત કાયદાઓ		
૧. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬: થર્મલ પાવર પ્લાન્ટ માટેનું પર્યાવરણ પરવાનગી	૧. સ્ટેટ એનવાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી (SEIAA) (વર્ગ બી પ્રોજેક્ટ) ૨. વન અને પર્યાવરણ – જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) (વર્ગ એ પ્રોજેક્ટ)	ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬ની સૂચી અને કલમ ૧ (૬) કલમ ૨ અને સંલગ્ન પ્રક્રિયાઓ વાયુની ગુણવત્તાની દેખરેખ માટેના કેન્દ્રોની સ્થાપના માટેની ખાસ શરતો અને ઉત્સર્જનના નિયમોનું પાલન
૨. વોટર (પોલ્યુશન કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન) એક્ટ, ૧૯૮૧: પાઈપલાઈનને ઉદ્યોગના ભાગ રૂપે અથવા સ્વતંત્ર રીતે સ્થાપિત કરવું અને સંચાલન કરવું	રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને તેના પ્રાદેશિક કાર્યાલયો	કલમ ૧૭ (૧) (ઇ); કલમ ૧૭ (૧) (એફ) (દેખરેખ અને નિરીક્ષણ)કલમ ૧૮ (ઉલ્લંઘનના બનાવમાં નિર્દેશો આપવાની સત્તા) વાયુ પ્રદૂષણ દેખરેખ કેન્દ્રોની સ્થાપના અને પ્રદૂષણ નિયંત્રણની ટેકનોલોજી સંબંધી ખાસ શરતો.
૩. રાખ સબંધી જાહેરનામું, ૧૯૯૯ (૨૦૧૬ સુધીના સુધારા સાથેનું)	૧. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ૨. વન અને પર્યાવરણ – જલવાયુ પરીવૅતન મંત્રાલય	રાખના નિકાલ સંબંધી જાહેરનામું જેથી એની અસરને ઓછી કરી શકાય
રાજ્યમાં લાગુ પડતા ખાસ નિર્દેશો		
૪. રાજ્યને લાગુ પડતા દિશા સૂચક નિર્દેશો જેવા કે, કોલસાના એકમોના સંચાલન માટેના દિશા સુચનો, ખનીજ ભંડારો માટેના દિશા સૂચક નિર્દેશો અને રેલ્વે ટ્રેક ઉપર ડાઇવર્ઝન નાખવા માટેના દિશા નિર્દેશો	પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	તપાસ કરો કે શું ખનીજના સંગ્રહ, હેરાફેરી અને સંચાલન માટેના ખાસ નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે.
સ્થળ આધારિત કાયદાઓ		
૫.પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર., સી.વી.સી.એ., સી.ઈ.પી.આઈ. શું પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર, સી.વી.સી.એ., ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તાર વિગેરે જેવા કોઈ ખાસ હુકમ, જાહેરનામું અથવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.	૧. વન અને પર્યાવરણ – જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) ૨. કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તાધિકારી (GCZMA) ૩. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	૧. પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, (EPA) ૧૯૮૬ની કલમ ૩ (૨) ૫ ૨. સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧ ની કલમ ૪ ૩. એર એક્ટ, ૧૯૮૧ અથવા વોટર એક્ટ, ૧૯૭૪ની કલમ ૧૯
ફોજદારી કાયદા હેઠળ જાહેર ઉપદ્રવ		
૬. ભારતીય દંડ સંહિતા, (IPC) ૧૮૬૦	જીલ્લા કલેકટર	કલમ ૧૯: દરેક વ્યક્તિ કે જેને કાયદાકીય રીતે જજ થવાની સત્તા આપી હોય કલમ ૨૬૮: જાહેર ઉપદ્રવની પરિભાષા

CONDITIONS FROM AN ENVIRONMENTAL CLEARANCE LETTER OF A THERMAL POWER PLANT

- Adequate Ambient Air Quality Monitoring Stations (at least 4) shall be established in the core as well as in the buffer zone and locations shall be decided in consultation with the Regional Officer (RO), SPCB. Monitoring of parameters shall be done.
- Monitoring of the Ambient Air Quality of the mine shall be done once in a fort-night (24 hourly) and data shall be submitted to the SPCB once in six months.
- Continuous real time Ambient Air Quality monitoring shall be conducted at two appropriate locations. Location of continuous online monitoring stations with data transfer facility to the SPCB server shall be decided keeping in view the impact of the coal mine and in consultation with the RO, SPCB
- Ambient Air Quality monitoring data shall be electronically displayed at the entry point of the mine or at a suitable location in the mine.

થર્મલ પાવર પ્લાન્ટને અપાયેલ પરવાનગી પત્રમાં જણાવાયેલ શરતો

- પ્રાદેશિક અધિકારી, રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે વિમર્શ કરી પુરતા પ્રમાણમાં વ્યાપક વાયુ ગુણવત્તા દેખરેખ કેન્દ્રોની સ્થાપના કરવી (ઓછામાં ઓછા ૪) કે જે મુખ્ય વિસ્તાર અને વધારાના (બફર) વિસ્તારમાં પણ સ્થાપિત કરવા. અને માપદંડોની દેખરેખ કરાય.
- વ્યાપક વાયુ ગુણવત્તા કેન્દ્રોનું નિરીક્ષણ દર ૧૫ દિવસે કરવામાં આવશે અને જેનો ડેટા દર છ મહીને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને આપવામાં આવશે.
- બે યોગ્ય સ્થળોએ વ્યાપક વાયુ ગુણવત્તા કેન્દ્રોનું સતત દેખરેખ કરાશે. કોલસાની ખાણની અસરને ધ્યાને રાખી પ્રાદેશિક અધિકારી, રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે વિમર્શ કરી રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સર્વર ઉપર સતત ડેટા ટ્રાન્સફર થાય તે માટેની સગવડ કરવાની રહેશે.
- વ્યાપક વાયુ ગુણવત્તાનો ડેટા ખાણના પ્રવેશ અથવા યોગ્ય જગ્યાએ પ્રકશિત કરવાના રહેશે.

SCENARIO 8

What is the complaint?

There has been a spill in a Treatment, Storage and Disposal Facility (TSDF) leading to leakage of hazardous waste. The TSDF site is linked to a nearby cluster of industries and the waste from at least four to five chemical industries is stored and treated here. The spill is reportedly due to the collapse of the retainer wall around the TSDF site. The hazardous chemical waste has spilt into nearby agricultural fields and also contaminated the ground water. The farmers suspect that the wall of the facility collapsed due to an overload of waste. The impact was aggravated because the waste was not covered, and with recent rains in the area, it easily made its way into the nearby farm lands. This contamination has rendered the farm lands unfit for agriculture. The farmers are upset and are demanding compensation. They approached a community based legal practitioner or paralegal to help them.

Is a law being violated?

There are three clear aspects of violation to be considered here. Firstly, liability for negligence; secondly, understanding the mandatory legal requirements for TSDF sites and thirdly the manner in which compensation will be calculated. Understanding the liability for negligence or compensation might take us beyond the realm of environment or pollution related laws. The legal compliance of a TSDF site may have specific guidelines or may be embedded within air and water pollution related legislations.

સ્થીતી ૮

ફરિયાદ શું છે?

ટ્રીટમેન્ટ, સંગ્રહ અને નિકાલ સુવિધાના પ્લાન્ટમાંથી જોખમી રસાયણનું ચુવાણ થયું છે. આ પ્લાન્ટ પાસેના ઉધોગોના સમૂહ સાથે સંકળાયેલ છે અને ૪ -૫ ફેક્ટરીઓનો બગાડ અહિયાં પ્રક્રિયા માટે લવાય છે. પ્લાન્ટના ફરતેની દિવાલ ખરી જવાના કારણે આ ચૂવાનની જાણ થઇ છે. જોખમી રસાયણ વહીને પાસેના ખેતરોમાં પ્રસરી ગયું છે અને ભૂજળમાં પણ ભળી ગયું છે. ખેડૂતોને શંકા છે કે વધારે પડતા કચરાના ઢગલાના વજનના કારણે પ્લાન્ટની દિવાલ પડી ગઈ છે. નુકસાનમાં વધારો એટલે થયો કે હાલમા જ વરસાદ પડ્યો હતો અને કચરો ઢાંકીને રખાયો ન હતો અને તે વહીને પાસેના ખેતરોમાં પહોંચી ગયો. આ સ્ત્રાવના કારણે હવે જમીન ખેતી લાયક નથી રહી. ખેડૂતો નારાજ છે અને વળતરની માંગણી કરી રહ્યા છે. તેઓએ સામુદાયિક કાર્યકર અથવા પેરાલીગલનો સંપર્ક કર્યો છે.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

અહિયાં ત્રણ બાબતોને ધ્યાને લેવામાં આવશે. પહેલું, બેદરકારી, બીજું આવા પ્લાન્ટની સ્થાપના માટેની કાયદાકીય શરતો, અને ત્રીજું વળતરની ગણતરી કઈ રીતે કરાશે. બેદરકારી માટેની જવાબદારી અને વળતરની ગણતરી માટે આપણે પર્યાવરણ પ્રદૂષણ સંબંધી કાયદાઓના ક્ષેત્રની બહાર જવું પડશે ટ્રીટમેન્ટ, સંગ્રહ અને નિકાલ સુવિધાના પ્લાન્ટના સ્થળ અને સંચાલન માટે ખાસ દિશા નિર્દેશ હશે અથવા તો તે વોટર અને એર એક્ટ હેઠળ આવરી લેવાયેલ હશે.

Photo credit: Kanchi Kohli/કાંચી કોહલી

Law	Corresponding Institutions/Officials	Section/Clause
Permissions, Rights and Consents related laws		
1. EIA Notification, 2006: Check whether environmental clearances have been obtained with respect to the industries and the TSDF. If yes, check the status of compliance with their conditions.	1. MoEFCC (if Category A project) 2. SEIAA (if Category B project)	Section 2 and related procedures Schedule of the EIA Notification and specifically Sections 7 (d)
2. Hazardous and Other Wastes (Management and Transboundary Movement) Rules, 2016:	1. SPCB 2. Central Pollution Control Board (CPCB)	Sections 23 (1) and Section 16 (esp. Clause 16 (2) and 16 (4))
3. Reports to CPCB/SPCB	1. CPCB 2. SPCB	Test Reports and Environment Statements (ES) provided by the operator to the SPCB
Negligence and Compensation		
4. Public Liability Insurance Act, 1991: Check whether damage and compensation can be determined	1. District Collector 2. MoEFCC	Sections 3, 5, 6 and 8 and the Schedule
5. EPA, 1986: Check whether a fine or imprisonment for an offence apply	MoEFCC or its designated agency such as the SPCB	Section 15

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
પરવાનગી અને સંમતિ		
૧. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬: ઉદ્યોગ, ટ્રીટમેન્ટ પ્લાન્ટ અથવા પાઇપલાઇન માટે પરવાનગી અથવા પર્યાવરણ પરવાનગી પ્રત્રની કોઇ ખાસ જોગવાઇનું ઉલ્લંઘન.	૧. સ્ટેટ એનવાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી (SEIAA) (કેટેગરી બી પ્રોજેક્ટ) ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) (કેટેગરી એ પ્રોજેક્ટ)	ઇ. આઇ.એ. નોટીફીકેશનની સૂચી અને ખાસ કરીને કલમ ૭ (ઘ); ઇ. આઇ.એ. નોટીફીકેશનની કલમ ૨ અને સંલગ્ન પ્રક્રિયાઓ
૨. જોખમી સામગ્રી (વ્યવસ્થાપન, સંચાલન અને સીમા-પાર હેરાફેરી) નિયમ ૨૦૧૬	૧. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ૨. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	કલમ ૧૬, પેટા કલમ ૧૬ (૨) અને ૧૬ (૪) અને પેટા કલમ ૨૩ (૧)
૩. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ/ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને રીપોર્ટ	૧. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ૨. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	સંચાલક દ્વારા રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ટેસ્ટ રીપોર્ટ અને પર્યાવરણ નિવેદન રજુ કરવા
બેદરકારી અને વળતર		
૪. ધી પબ્લીક લાયાબિલીટી ઇન્શ્યોરન્શ એક્ટ, ૧૯૯૧: (વળતર અને નુકશાની નક્કી કરવા માટે)	૧. જીલ્લા કલેક્ટર ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC)	કલમ ૩, ૫, ૬, ૮, અને સૂચી
૫. પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ (EPA) (દંડ અથવા ગુના બદલ સજા)	વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) અથવા તેના નેજા હેઠળની એજેન્સી જેવી કે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ	કલમ ૧૫

Photo credit: Aubrey Wade / ચીંચ ખેડ : ઓબ્રે વેડ

SCENARIO 9

What is the complaint?

During a visit to a hilltop village adjoining a bustling coastal town, a community worker noticed a heap of garbage at the outskirts of the village. The dump was close to a forest patch. When she spoke to the residents, they mentioned to her that this was a routine occurrence and done by the municipality itself. They were troubled by this and had told the officials that it is difficult for them to live next to the stench. They also shared that the open and untreated garbage was attracting flies and feared impacts on their health due to the spread of diseases. The garbage was also being blown into their houses when the wind was strong on the hilltop. During monsoons, there had also been one instance of run off of the garbage into the water stream flowing towards the villages downhill.

Is a law being violated?

The immediate legal avenue to look into, in this case, would be the laws and guidelines related to the management of solid waste. However, there could be some site-specific laws too that could be looked into to see if there are any specific provisions concerning waste disposal. Since the waste that is being dumped is causing a nuisance to the public, provisions under the IPC can also be examined.

સ્થીતી ૯

ફરિયાદ શું છે?

સામુદાયિક કાર્યકર કાંઠા વિસ્તારના કસબાની બાજુમાં આવેલ ડુંગર ઉપર વસેલા ગામની મુલાકાત સમયે ગામની બહાર કચરાનો ઢગલો જુએ છે. ઢગલો જંગલ વિસ્તારની પાસે હતો.જ્યારે ગામના લોકો સાથે વાત કરી તો ખબર પડી કે આ તો સામાન્ય બાબત છે અને મ્યુંનુંસીપાલટી દ્વારા જ કરવામાં આવે છે. તેઓને આ બાબતથી ઘણી તકલીફ પડે છે અને તેઓએ અધિકારીઓને જાણ કરી છે. કચરાના ખુલ્લા ઢગલાના કારણે માખીઓ થાય છે અને રોગો ફેલાવાના કિસ્સાઓ વધી જઈ શકે. ટેકરી ઉપર જ્યારે પવન વહેતો હોય આ કચરો ઘરમાં પણ પ્રવેશી જાય છે. વરસાદ સમયે એકવાર આ કચરો પાણીના પ્રવાહ સાથે પણ ભળી ગયો હતો.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

આ પ્રશ્નના નિકાલ માટે ઘન કચરાના વ્યવસ્થાપન માટેના દિશા નિર્દેશોને ધ્યાને લેવા પડશે. તેમ છતાં, ઘન કચરાના નિકાલ માટેની ખાસ જોગવાઈઓ જાણવા સ્થળ આધારિત કાયદાઓ પણ ધ્યાને લઈ શકાય. જાહેરમાં કચરો ઠાલવવાના કારણે જાહેર ઉપદ્રવ થઇ રહ્યો હોય ભારતીય દંડ સંહિતાની કલમો પણ લાગુ પડે.

Law	Corresponding Institutions/ Officials	Section/Clause
Permissions, Rights and Consents related		
1. Solid Waste Management Rules, 2016 Check whether the activity has obtained the authorisation to set up waste processing and disposal facility by the SPCB. If yes, check if there is a violation of any of the clauses of the rules	1. SPCB 2. District Magistrate/Deputy Commissioner 3. Secretary in charge, State Urban Development Department	
2. EIA Notification, 2006	SEIAA	Section 2 and specifically Section 7 (d) of the Schedule
Site specific laws		
3. FCA, 1980: Check whether the activity is being carried out on forest land and if permission for forest diversion is required	1. Divisional Forest Officer 2. MoEFCC (Regional and New Delhi office)	Section 2
Public nuisance under criminal law		
4. IPC, 1860	District Collector	Section 19 which gives every person empowered by law the powers of a judge Section 268 which defines a public nuisance
Judgments/Judicial Orders		
5. National Green Tribunal order in Almitra H. Patel & Anr vs Union of India & Ors (O.A. No 199 of 2014):		Directions regarding the management (including disposal, transportation) of waste can be looked into

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
પરવાનગી, અધિકારો અને સંમતિ સંબધિત કાયદાઓ		
૧. ઘન કચરો વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬: તપાસ કરો કે પ્રવૃત્તિ માટે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વેસ્ટ પ્રોસેસ માટે પરવાનગી અપાઈ છે. જો હા, તપાસ કરો શું કોઈ જોગવાઈનું ઉલ્લંઘન થઇ રહ્યું છે	૧. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ૨. જીલ્લા મેજીસ્ટ્રેટ/ ડેપ્યુટી કમિશ્નર ૩. સચિવ – ઇન્ચાર્જ, રાજ્ય શહેરી વિકાસ વિભાગ	
૨. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬	રાજ્ય પર્યાવરણીય અસર આકારણી સત્તાધિકારી (SEIAA)	ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬ ની કલમ ૨ અને ૭ (૬)
સ્થળ આધારિત કાયદાઓ		
૩. વન સંરક્ષણ અધિનિયમ, (FCA) ૧૯૮૦: શું બાંધકામ જંગલની જમીન ઉપર થઈ રહ્યું છે અને શું જમીનના હેતુફેર માટે પરવાનગીની જરૂર છે.	૧. વિભાગીય વન અધિકારો ૨. વન અને પર્યાવરણ – જલવાયુ પરીવૅતન મંત્રાલય (MOEF-cc) (પ્રાદેશિક અને નવી દિલ્લી સ્થિત કાર્યાલય)	વન સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૦ની કલમ ૨
ફોજદારી કાયદા હેઠળ જાહેર ઉપદ્રવ		
૪. ભારતીય દંડ સંહિતા, (IPC) ૧૮૬૦	જીલ્લા કલેકટર	કલમ ૧૯: દરેક વ્યક્તિ કે જેને કાયદાકીય રીતે જજ થવાની સત્તા આપી હોય કલમ ૨૬૮: જાહેર ઉપદ્રવની પરિભાષા
ચુકાદાઓ/ ન્યાયિક હુકમ		
૫. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા અલ્મીરા એચ. પટેલ અને અન્ય વિ. ભારત સરકારના કેસમાં આપાયેલ ચુકાદો (ઓ.એ.નં. ૧૯૯/૨૦૧૪ ઘ		ઘન કચરાના વ્યવસ્થાપનને લગતા નિર્દેશો (નિકાલ, હેરફેર વિગેરે)

SCENARIO 10

What is the complaint?

A community worker reads an article on environmental and social impacts of sand mining in the morning newspaper. He immediately recalls that when they met at the local tea shop, residents of a nearby village had casually mentioned that there was rampant mining of sand from the riverbed taking place. They had complained that the riverbank was eroding and the flow of the river was impacted because truckloads of material were being transported out every day. They were concerned that the Panchayat might be hand in glove with the sand mining contractors. People were also worried that sand from the river which people had traditionally used for construction of their houses, was just not available for local use. This was done occasionally and in small quantities, after taking permission from the Panchayat.

Is a law being violated?

Sand mining is regulated by site specific laws, environmental regulations, as well as local Panchayat laws. In order to ascertain the nature of violation, it would be good to understand if the mining is being carried out in an area where it is otherwise restricted or regulated. Second, whether any impact assessment studies have been carried out in the operation. It would also be useful to understand if there are any court judgments which have a bearing on a controversial issue like sand mining.

સ્થીતી ૧૦

ફરિયાદ શું છે?

સામુદાયિક કાર્યકર દૈનિક પત્રમાં રેતીના ઉત્ખનનથી થતા પર્યાવરણીય અને સામાજિક અસરો વિષે વાંચે છે. તેને તરત જ યાદ આવે છે કે જ્યારે પાસેના ગામના રહેવાસીને તે આગળ જ્યારે ચાની લારી ઉપર મળેલ તો તેણે નદીના પટમાંથી કરાતી રેતીની ચોરી વિશેની વાત કરી હતી. જેના કારણે નદીના પટનું ધોવાણ થઇ રહ્યું છે અને રોજ આવતી ટ્રકોના કારણે નદીને પણ અસર થઇ રહી છે. તેમને લાગે છે કે પંચાયત પણ આવા કોન્ટ્રેકટરો સાથે મળી ગઇ છે. લોકોને એ પણ ચિંતા છે કે જે નદીની રેતીથી તેઓના મકાનો બંધાયા છે તે હવે તેમના વપરાશ માટે નહી મળે. આવું કામ નાના પાયે પંચાયતની પરવાનગીથી કરી શકાતું હતું.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

રેતીની ઉત્ખનનની પ્રવૃત્તિ સ્થળ આધારિત ખાસ કાયદાઓ, પર્યાવરણને લગતા નિયમો અને સ્થાનિક પંચાયતને લગતા કાયદાઓ હેઠળ નિયંત્રિત કરાય છે. ઉલ્લંઘનના પ્રકારને સમજવા માટે પહેલા એ સમજવું જરૂરી છે કે ઉત્ખનનની પ્રવૃત્તિ શું એવા વિસ્તારમાં કરાઇ રહી છે કે જ્યાં તે પ્રતિબંધિત છે અથવા નિયંત્રિત છે. બીજું, શું ઇમ્પેકટ એસેસમેન્ટ માટેનો અભ્યાસ હાથ ધરાયો છે. એ પણ જાણવું મદદરૂપ રહેશે કે શું રેતી ઉત્ખનન સંબંધી કોઇ અદાલતનો ચુકાદો ઉપલબ્ધ છે.

Photo credit: Kanchi Kohli / કાંચી કોહલી

Law	Corresponding Institutions/Officials	Section/Clause
Permissions, Rights and Consents related laws		
1. NOC from the Panchayat or Municipality: Check whether an No Objection Certificate (NOC has been sought from the concerned Panchayat or Municipality)	1. Sarpanch/Head of Panchayat 2. Elected Municipal Corporator/Municipal Commissioner	Each state has its own Panchayat Act
2. CRZ Notification, 2011: Check whether this is a permissible activity in the concerned CRZ sub-zone(s).	1. SCZMA 2. DLCC (under the District Collector)	1. Section 3 (x), Section 4 and Section7 2. MoEFCC Office Memorandum dated 18.11.2011
3. EIA Notification, 2006 Check whether the activity has obtained the environmental clearance. If yes, check if there is a violation of a specific condition of an environment clearance letter. Any mining activity, including that of sand, must obtain an environmental clearance, even if it spans an area of less than five hectares.	1. District Environment Impact Assessment Authority (if Category B2 project) 2. SEIAA (if Category B project) 3. MoEFCC (if Category A project)	1. Schedule of the EIA Notification and specifically 1(a) in the Schedule 2. Appendix IV 3. MoEFCC Office Memorandum dated 2.7.2007
4. Mines and Minerals Regulation and Development Act, 1957: Check whether the activity has obtained the mining lease. If yes, check compliance with the mining lease agreement.	State Mining and Geology Department	States have their own mining Acts and Policies for minor minerals
Site specific laws		
5. FCA, 1980: Check whether the area including the river, where the sand mining is taking place falls under forest area or not	1. Divisional Forest Officer 2. MoEFCC (Regional and New Delhi office)	Section 2
6. ESA, CVCA: Whether any special orders, notifications or guidelines have been issued to protect, conserve this area or restrict activity like, ESA or CVCA	1. MoEFCC 2. ESA Management Committee 3. SCZMA	1. Section 3 (2) (v) of the EPA, 1986 2. Section 4 of the CRZ Notification, 2011
Court Orders		
7. NGT Order in OA No. 171 of 2013	1. MoEFCC 2. State Environment Departments	Order states no sand mining till environmental clearance. Stay on all sand mining operations till approval obtained

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
પરવાનગી, અધિકારો અને સંમતિ સંબધિત કાયદાઓ		
૧.પંચાયત અથવા મ્યુનીસીપાલટી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ: તપાસ કરો કે સંબંધિત પંચાયત અથવા મ્યુનીસીપાલટી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ લીધેલ છે.	૧. સરપંચ/ પંચાયત પ્રમુખ ૨. ચુંટાયેલ મ્યુનીસીપલ કોર્પોરેટર/ મ્યુનીસીપલ કમિશ્નર	દરેક રાજ્યને તેનું પોતાનું પંચાયત અધિનિયમ હોય છે.
૨. સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧: તપાસ કરો કે શું આ પ્રવૃત્તિ કાંઠા વિસ્તાર નિયમ જાહેરનામાં હેઠળના વિસ્તારોમાં ગ્રાહ્ય છે	૧. રાજધાનીમાં સ્થિત રાજ્ય કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તાધિકારી (GCZMA) ૨.જીલ્લા સ્તરે કાંઠા સમિતિ(DLCC) (જીલ્લા કલેક્ટરના નેજા હેઠળ)	કલમ 3 (૧૦) વનઅનેપર્યાવરણ—જલવાયુ પરીવૅતન મંત્રાલય (MOEF) તારીખ ૧૮.૧૧.૨૦૧૧ના રોજની ઓફીસ સૂચી
૩. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬: તપાસ કરો કે પ્રવૃત્તિ માટે પર્યાવરણ પરવાનગી લેવાઈ છે. જો હા, તપાસ કરો કે પર્યાવરણ પરવાનગી પત્રની કોઈ ખાસ જોગવાઈનું ઉલ્લંઘન થયું છે. રેતીના ઉત્ખનન માટે પણ પર્યાવરણ પરવાનગી લેવાની હોય છે.	૧. ડીસ્ટ્રીક્ટ એનવાયરમેન્ટ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરીટી (DEIAA) (વર્ગ બ ૨ પ્રોજેક્ટ) ૨. સ્ટેટ એનવાયરમેન્ટ ઇમ્પેકટ એસેસમેન્ટ ઓથોરીટી (MoEFCC) (જો વર્ગ બી હેઠળનો પ્રોજેક્ટ હોય) ૩. વન અને પર્યાવરણ —જલવાયુ પરીવૅતન મંત્રાલય (વર્ગ એ પ્રોજેક્ટ)	ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬ની સૂચી અને કલમ ૧ (અ) પરિશિષ્ટ ૪ વન અને પર્યાવરણ — જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) તારીખ ૨.૭.૨૦૦૭ના રોજની યાદી
૪. ખાણ અને ખનીજ નિયમન અને વિકાસ અધિનિયમ, ૧૯૫૭: તપાસ કરો કે પ્રવૃત્તિ માટે કોઈ પટા કરાર કરાયેલ છે	રાજ્ય ખાણ અને ભૂસ્તર વિભાગ	રાજ્યોને પોતાના ખાણ અને ઉત્ખનનને લગતા કાયદાઓ અને નીતિઓ હોય છે. ઉત્ખનન માટે કરાયેલ પટા-કરારની નકલ મેળવો
સ્થળ આધારિત કાયદાઓ		
૫. વન સંરક્ષણ અધિનિયમ, (FCA) ૧૯૮૦: તપાસો કે રેતીનુ ખનન નદીમા કરવામાં આવી રહયુ છે એ વીસ્તાર જંગલની જમીન ઉપર છે	૧. વિભાગીય વન અધિકારી ૨. વન અને પર્યાવરણ —જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) (પ્રાદેશિક અને નવી દિલ્લી સ્થિત કાર્યાલય)	કલમ ૨
૬. શું પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર, સી.વી.સી.એ.: ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તાર વિગેરે જેવા કોઈ ખાસ હુકમ, જાહેરનામું અથવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.	૧.વન અને પર્યાવરણ —જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) ૨. પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તાર વ્યવસ્થાપન ૩. સત્તાધિકારી (SCZMA)	૧. પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, (EPA) ૧૯૮૬ ૨. ની કલમ ૩ (૨) ૫ કલમ ૪ સી.આર.ઝેડ. નોટીફીકેશન, ૨૦૧૧
અદાલતનો ચુકાદો		
૭. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ હુકમ નં. (ઓ.એ. નં. ૧૭૧/ ૨૦૧૩	૧. વન અને પર્યાવરણ —જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) ૨. રાજ્ય પર્યાવરણ વિભાગ	પર્યાવરણ પરવાનગી વિના રેતીનું ઉત્ખનન ન કરી શકાય. દરેક પ્રવૃત્તિ ઉપર મનાઈપરવાનગી મળે સુધી

SCENARIO 11

What is the complaint?

A group of artisanal fisherfolk has contacted a paralegal with an issue that mechanised bull trawlers are being used in an area which is otherwise used by artisanal and small boats. 'Bull trawling' is a method of fishing in which two marginally big sized boats tie a fishing net between them and pull it through the water. The practice of bull trawling is restricting the space for the small boats, as well as reducing the fish catch in the area where these boats can fish. Since the last few years, the number of bull trawlers are only on the rise. Small and marginal fisherfolk want a restriction on the practice of bull trawling, especially in areas where it is coming into conflict with the small boats.

Is a law being violated?

The main legislation which comes into play here, is the Fisheries Act, which differs in each state. There are also orders from the Department of Fisheries in each state demarcating the zones (through nautical miles into the sea), where different kinds of fishing practices will operate or be restricted. The clauses CRZ Notification could also be looked into as it regulates the use of water areas as well.

Law	Corresponding Institutions/ Officials	Section/Clause
1. State Marine Fisheries Act: Check if it regulates movement of bull trawlers and mechanised boating in certain areas	State Department of Fisheries	*For example:* Karnataka Marine Fishing (Regulation) Act, 1986: Sections 3, 4, 5, 7, 11 and 13 Karnataka State Government Order of 1994
2. Department of Fisheries Circulars/Directions	State Department of Fisheries	Look for circulars or directions within each state marine fisheries regulations to see if there are restrictions on particular fishing practices or horse power of particular boats used for bull trawling
3. Check whether it is an Exclusive Economic Zone		Central Government letter dated 12.11.2014

સ્થીતી ૧૧

ફરિયાદ શું છે?

પારંપરિક માછીમાર પેરાલીગલનો સંપર્ક કરે છે અને જણાવે છે કે વિસ્તાર કે જ્યાં તેઓ માછીમારી કરે છે ત્યાં યાંત્રિક બૂલ ટ્રોલરનો ઉપયોગ માછીમારી માટે કરવામાં આવી રહ્યો છે. આ પદ્ધતિમાં બે મોટા ટ્રોલર જાળીના બે છેડા આપસમાં પકડી પાણીમાં ફેરવે છે. આ પદ્ધતિની માછીમારીના કારણે નાની હોડીઓને જગ્યા નથી રહેતી અને પાણીમાં માછલીની સંખ્યા પણ ઓછી થઇ જાય છે. પાછલા અમુક વર્ષોથી આવા ટ્રોલરોની સંખ્યા વધતી જાય છે. નાના-પાયાના મત્સ્ય સમુદાયના લોકો માછલી પકડવાની આ પદ્ધતિ ઉપર રોક લગાવી દેવા માંગે છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં કે જ્યાં નાની હોડીઓ માછલી પકડતી હોય.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

મુખ્ય કાયદો જે અહિયાં લાગુ પડે છે એ છે મત્સ્ય ઉદ્યોગને લગતો કાયદો, જે દરેક રાજ્યમાં જુદો હોય છે. મત્સ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલ હુકમો પણ છે જે વિવિધ ઝોનની સીમા નક્કી કરે છે(રાજ્યની દરિયાઈ સીમા), કે જ્યાં વિવિધ માછીમારીની પ્રવૃત્તિઓ હાથ ધરાશે અથવા તેના ઉપર રોક લગાવાશે. સી.આર.ઝેડ. નોટીફીકેશનને પણ ધ્યાને લઈ શકાય કારણકે તેના હેઠળ જળ વિસ્તારના ઉપયોગનું નિયમન કરાય છે.

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
૧. રાજ્ય દરિયાઈ મત્સ્ય ઉદ્યોગ અધિનિયમ: તપાસ કરો કે શું તે હેઠળ યાંત્રિક હોડીઓ અને બૂલ ટ્રોલરના ઉપયોગને નિયંત્રિત કરાય છે.	રાજ્ય મત્સ્ય ઉદ્યોગ વિભાગ	ઉદાહરણ રૂપે કર્ણાટક દરિયાઈ મત્સ્ય ઉદ્યોગ અધિનિયમ ૧૯૮૬, કલમ ૩,૪,૫,૭,૧૧ અને ૧૩ કર્ણાટક રાજ્ય સરકારનું ૧૯૯૪ નું હુકમનામું
૨. મત્સ્ય ઉદ્યોગ વિભાગના પરિપત્રો/ નિર્દેશો	રાજ્ય મત્સ્ય ઉદ્યોગ વિભાગ	દરેક રાજ્યના દરિયાઈ મત્સ્ય ઉદ્યોગને લગતા નિયમોમાં શું અમુક માછીમારીની પદ્ધતિ માટે અથવા અમુક હોર્સ પાવર ધરાવતી હોડી અથવા ટ્રોલરના વપરાશને લગતી મનાઈ છે
૩. તપાસ કરો કે શું તે વિશિષ્ટ આર્થિક વિસ્તાર તરીકે જાહેર કરાયું છે		કેન્દ્ર સરકારનું તારીખ ૧૨.૧૧.૨૦૧૪ ના રોજનો પત્ર

CONDITION IN A CENTRAL GOVERNMENT LETTER

In the letter dated 12.11.2014 from the Central Government it is said that as per the “New guidelines for conduct of fishing operation in India, Exclusive Economic Zone” bull trawling is not permitted in EEZ. Therefore, as per the provisions under Section 3 (1) (d) of the Karnataka Marine Fishing (Regulation) Act, 1986, it been requested to issue order to prohibit bull trawling fishing up to 12 nautical miles in territorial waters of Karnataka state.

કેન્દ્ર સરકારના પત્રમાં ઉલ્લેખાયેલ શરતો

તારીખ ૧૨.૧૧.૨૦૧૪ન રોજના પત્રમાં કેન્દ્ર સરકારે ઠેરવ્યું છે કે “ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તાર હેઠળ મત્સ્ય પ્રવૃત્તિને લગતા નવા નિર્દેશો મુજબ બૂલ ટ્રોલરને મંજુરી નથી”. માટે, કર્ણાટક દરિયાઈ મત્સ્ય ઉદ્યોગ નિયમન, ૧૯૮૬ની કલમ ૩ (૧) (ડ) હેઠળ કર્ણાટકા રાજ્યના દરિયાઈ વિસ્તારના ૧૨ નોટીકલ માઈલ સુધી બૂલ ટ્રોલર દ્વારા હાથ ધરાતી માછીમારીની પદ્ધતિ ઉપર મનાઈ હુકમ જાહેર કરવામાં આવ્યું છે.

SCENARIO 12

What is the complaint?

A group of tribal people has been approached by a nearby manufacturing plant to purchase agricultural land. They need the land for expanding their operations and constructing a captive power plant within the premises. On one hand they do not want to sell their land, on the other, they do not want the premises to expand its operations, as it will be much closer to the human settlement, than it is currently. They have approached a community worker or paralegal to understand what the legalities are and what are their options for remedy.

Is a law being violated?

There are constitutional protections for the sale of land owned by a tribal person to a non-tribal. In this case, if the project authority is non-tribal it cannot directly purchase this land. It would need to be seen if the project authority is wanting to do this in partnership with other tribals from the area, or is using them as mediums for purchase.

સ્થીતી ૧૨

ફરિયાદ શું છે ?

એક ઉત્પાદન પ્લાન્ટ દ્વારા આદિવાસી લોકોના સમૂહનો સંપર્ક કરાયો છે તેઓની ખેતીની જમીન ખરીદવા માટે. તેઓને આ જમીન તેઓની પ્રવૃત્તિના વિસ્તરણ માટે અને તેઓની જગ્યાની અંદર એક પાવર પ્લાન્ટ બનાવવા માટે જોઇએ છે. આદિવાસી લોકો પોતાની જમીન નથી વેચવા માંગતા અને પ્રવૃત્તિનું વિસ્તરણ પણ નથી ચાહતા કે જેથી એકમ હાલ જ્યાં છે તેથી માનવ રહેઠાણ વિસ્તારની નજીક આવી જશે. તેઓએ કાયદાકીય ઉકેલ મેળવવા માટે સામુદાયિક કાર્યકર અથવા પેરાલીગલનો સંપર્ક કર્યો છે.

શું કાયદાનું ઉલ્લંઘન થયું છે?

આદિવાસી જમીનને બિન-આદિવાસીને વેચાણ કરવા બાબતે સંવેધાનિક રક્ષણો ઉપલબ્ધ છે. આ કિસ્સામાં એકમના માલિક/સંચાલક બિન-આદિવાસી હશે માટે જમીન પોતે ન ખરીદી શકે. તપાસ કરવાની જરૂર રહેશે કે શું તેઓએ બીજા વિસ્તારના આદિવાસી સાથે ભાગીદારી કરી છે અથવા તેઓનો માધ્યમ તરીકે ઉપયોગ કર્યો છે.

Photo credit: Kanchi Kohli / કાંચી કોહલી

Law	Corresponding Institutions/Officials	Section/Clause
Special Protection Laws		
1. Provisions of the Panchayats (Extension to the Scheduled Areas) (PESA) Act, 1996: Check if the permission of the Gram Sabha has been obtained in the Scheduled Area(s) for setting up of the unit and its expansion. Also check whether a non-tribal wants to purchase land owned by a tribal.	1. Gram Sabha 2. Sarpanch 3. District Collector	Section 4 (i), Section 4 (m) (i), Section 4 (d)
Permissions, Rights and Consents related laws		
2. EIA Notification, 2006: Check whether the project authority has initiated a process for expansion. Also check if the conditions for the existing unit have been complied with.	1. SEIAA (if category B project) 2. MoEFCC (if category A project)	Section 2 Schedule of the EIA Notification depending on the nature of the manufacturing unit Appendix IV on Public Hearing
3. FCA, 1980: Check whether the construction is being carried out on forest land and if permission for forest diversion is required	1. Divisional Forest Officer 2. MoEFCC (Regional and New Delhi office)	Section 2
4. FRA, 2006: Check whether there are any pending individual or community forest rights claims pending and if the consent of a Gram Sabha has been sought prior to forest diversion	1. Forest Rights Committee 2. Gram Panchayat 3. District Collector	3.8.2009 circular issued by the MoEFCC

What is PESA?

PESA or the Provisions of the Panchayats (Extension in the Scheduled Areas) Act is a legislation that governs the Scheduled Areas of the Constitution. Scheduled Areas are defined in the Fifth Schedule of the Constitution and consists of predominantly tribal areas. The Governor is the administrative head of these areas and reports directly to the President.

The Gram Sabhas or the Panchayats are required to be consulted before the acquisition of land in the Scheduled Areas for development projects and before resettling or rehabilitating persons affected by such projects in the Scheduled Areas.

કાયદાઓ	સંલગ્ન સંસ્થાઓ અને અધિકારીઓ	કલમો અને પેટા કલમો
સંરક્ષણને લગતા ખાસ કાયદાઓ		
૧. પંચાયત (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) અધિનિયમ, ૧૯૯૬: તપાસ કરો કે શું એકમે અનુસૂચિત વિસ્તારમાં બાંધકામ અને વિસ્તરણ માટે ગ્રામ સભા પાસેથી પરવાનગી મેળવી છે	૧. ગ્રામ સભા ૨. સરપંચ	કલમ ૪(૧), કલમ ૪ (મ) (૧), કલમ ૪ (s)
પરવાનગીઓ, અધિકારો અને સંમતિ સંબંધી કાયદાઓ		
૨. ઇ.આઇ.એ. નોટીફીકેશન, ૨૦૦૬: તપાસ કરો કે શું પ્રોજેક્ટ સંચાલકે વિસ્તરણ માટેની પ્રક્રિયા શરુ કરી દીધી છે. તપાસ કરો કે શું હાલના એકમને લગતી શરતોનું પાલન થઇ રહ્યું છે.	૧. સ્ટેટ એનવાયરમેન્ટ એસેસમેન્ટ ઓથોરીટી (વર્ગ બી પ્રોજેક્ટ) ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (વર્ગ એ પ્રોજેક્ટ)	કલમ ૨ એકમના પ્રકાર આધારિત ઇ.આઇ.એ. નોટીફીકેશનની સૂચી પરિશિષ્ટ ૪; જાહેર સુનાવણી
૩. વન સંરક્ષણ અધિનિયમ, (FCA) ૧૯૮૦: શું બાંધકામ જંગલની જમીન ઉપર થઇ રહ્યું છે અને શું જમીનના હેતુફેર માટે પરવાનગીની જરૂર છે.	૧. વિભાગીય વન અધિકારી ૨. વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) (પ્રાદેશિક અને નવી દિલ્લી સ્થિત કાર્યાલય)	કલમ ૨
૪. વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ (FRA): શું કોઈ વ્યક્તિગત અથવા સામુદાયિક વનને લગતા અધિકારો અનિર્ણિત છે અને શું જમીન હેતુફેર માટે ગ્રામ સભાની મંજુરી લેવામાં આવી છે	૧. વન અધિકાર સમિતિ ૨. ગ્રામ સભા ૩. જીલ્લા કલેક્ટર	વન અને પર્યાવરણ –જલવાયુ પરીવૅતન મંત્રાલય (MoEFCC) દ્વારા જાહેર કરાયેલ તારીખ ૩.૮.૨૦૦૯ ના રોજનો પરિપત્ર

પંચાયત (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) અધિનિયમ, ૧૯૯૬ શું છે?

પંચાયત (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) અધિનિયમ, ૧૯૯૬ બંધારણના પાંચમાં પરિશિષ્ટમાં દર્શાવાયેલ અનુસૂચિત વિસ્તારો કે જે આદિવાસી વિસ્તારોનું નિયમન કરે છે. ગવર્નર આ વિસ્તારોના વહીવટકર્તા હોય છે અને સીધું રાષ્ટ્રપતિને જવાબપાત્ર છે.

અનુસૂચિત વિસ્તારમાં વિકાસ કાર્યો માટે જમીન સંપાદન પહેલા અને પ્રોજેકટથી પ્રભાવિત લોકોના પુનર્વસન અને પુનસ્થાપિન પહેલા ગ્રામ સભા અથવા પંચાયતની પરવાનગી લેવી પડે છે.

SCENARIO 13

What is the complaint?

A community worker on her way to office stops at a village well and joins the conversation of a group of women who had come there to collect water. The conversation veers to the declining level of water in the well. This was despite a good monsoon that they witnessed this year. One of the women, laments about the fact that a nearby chemical plant has dug several borewells in its premises, which she believes might be impacting the level of water in the well. Upon being asked whether she is sure of this, she affirms but is not able to prove it. The community worker probes further, but they were unable to give any specifics except reference to information from one of their family members who worked in the plant as an electrician.

Is a law being violated?

Industrial operations such as the above often require specific permissions to draw both surface as well as ground water. In the present case, since ground water is being drawn, it will attract the legal provisions related to ground water extraction. Permissions to draw ground water are granted by the CGWA's regional offices[1]. It would have to be seen how the project area is categorised in the Ground Water Resource Estimation done in 2011 (or the latest estimation done by the CGWB). This estimation categorises areas as safe, semi-critical, critical and over-exploited. Consent to operate issued by the SPCB and environmental clearance letters issued by the MoEFCC to chemical plants usually have conditions related to the drawing of ground water, which could be referred to. It can also be checked if there is a state law regarding ground water that is applicable.

Law	Corresponding Institutions/Officials	Section/Clause
Permissions, Rights and consents related laws		
1. NOC from the Panchayat or Municipality: Check whether an NOC has been sought from the concerned Panchayat or Municipality	1. Sarpanch 2. Elected Municipal Corporator/Municipal Commissioner	Each state has its own Panchayat Act
2. Guidelines/Criteria for evaluation of proposals/requests for ground water abstraction (Check if the industry is categrorised as water intensive. Check if the industry is allowed in that category of the site. If yes, check if it has an appropriate NOC to draw water. Also check if there is a specific violation of any condition of the NOC.)	1.District Collector/ Municipality head. 2. Regional office of the CGWB	Sections 3, 7 and 8 Issuance of NOC issued for drawl of water Section 6 (b) (in case the industry has not complied with the conditions mentioned in the NOC)

[1]The CGWB has its regional offices in Jammu, Dharamsala, Chandigarh, Dehradun, Lucknow, Jaipur, Patna, Kolkata, Guwahati, Ahmedabad, Nagpur, Bhopal, Raipur, Bhubaneswar, Hyderabad, Bengaluru, Chennai and Thiruvananthapuram

સ્થીતી ૧૩

ફરિયાદ શું છે?

સામુદાયિક કાર્યકર તેના ઓફીસ જવાના રસ્તે ગામના કૂવા પાસે ભેગા થયેલા લોકો સાથે વાતોમાં જોડાય છે. બધા કૂવાના ઘટતા પાણીના સ્તર વિષે વાત કરી રહ્યા છે. આ વર્ષે વરસાદ સારો હોવા છતાં આવું બન્યું છે. એક વ્યક્તિ વાત કરે છે કે પાસેની કેમિકલ ફેક્ટરીએ તેની જમીનમાં ઘણા બોરવેલ ખોદી રાખ્યા છે અને તેના કારણે જ કૂવાનું પાણી ઓછું થઇ રહ્યું છે. જયારે તેને પુછાય છે કે શું તે સાચું કહી રહી છે તો તે હા પાડે છે પરતું પોતાની વાત સાબિત નથી કરી શકતી. સામુદાયિક કાર્યકર વધુ તપાસ કરે છે પરંતુ, વધુ માહિતી નથી મળતી સિવાય કે ગામનો એક વ્યક્તિ કે જે આ પ્લાન્ટમાં ઈલેક્ટ્રીશ્યન તરીકે નોકરી કરતો હતો તેને આ વાત કરી હતી.

શું કાયદાનું ઉલ્લંઘન થાય છે?

